dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year -09 | Issue- 08 | AD - 2025, Aso Vad-02 | Wednesday, Dt.08-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સુપ્રિમ કોર્ટે ૯ ઓક્ટોબરની સમયમર્યાદા નક્કી કરી, તમામ સંબંધિત તથ્યો શક્ય તેટલી વહેલી તકે કોર્ટમાં રજૂ કરવાનો આદેશ

# સુપ્રીમ કોર્ટની SIR પર સુનાવણી : બિહારમાંથી રદ કરાયેલા મતદારોના નામની યાદી માંગી

નવીદિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન હેઠળ અંતિમ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા ૩,૬૬,૦૦૦ મતદારો અંગે ચૂંટણી પંચ પાસેથી વિગતો માંગી છે. કોર્ટે ૯ ઓક્ટોબર સુધીમાં આ માહિતી પૂરી પાડવાનો આદેશ આપ્યો છે. કમિશને કોર્ટને જાણ કરી હતી કે એસઆઈઆર પછી ઉમેરાયેલા મોટાભાગના નામો નવા મતદારો છે, અને દૂર કરાયેલા કોઈપણ મતદાતાએ અત્યાર સુધી કોઈ ફરિયાદ કે અપીલ દાખલ કરી નથી.મંગળવારે, સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા બાદ બિહાર મતદાર યાદીમાંથી મતદારોને દૂર કરવા અંગે ચૂંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો હતો. સુપ્રીમ કોર્ટે એસઆઈઆર હેઠળ અંતિમ ચૂંટણી સર્વેક્ષણમાંથી બાકાત રાખવામાં આવેલા ૩,૬૬,૦૦૦ થી વધુ મતદારોની સંપૂર્ણ વિગતો



માંગી હતી. કોર્ટે ચૂંટણી પંચને ૯ ઓક્ટોબર સુધીમાં દૂર કરાયેલા મતદારો સંબંધિત બધી માહિતી સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ સમગ્ર મામલો બિહારની ચૂંટણી પ્રક્રિયા અને નાગરિક અધિકારોની પારદર્શિતા સાથે સંબંધિત છે, જેના પર કોર્ટ નજીકથી નજર રાખી રહી છે. કમિશને કોર્ટને ખાતરી આપી છે કે યાદીમાં ઉમેરાયેલા મોટાભાગના નામો નવા મતદારોના છે. મામલાની ગંભીરતા ઓળખીને, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને બિહાર એસઆઈઆર પ્રક્રિયા હેઠળ અંતિમ ચૂંટણી સર્વેમાંથી બાકાત રાખવામાં આવેલા ૩,૬૬,૦૦૦ મતદારો વિશે વિગતવાર માહિતી પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે ૯ ઓક્ટોબરની સમયમર્યાદા નક્કી કરી છે જેથી તમામ સંબંધિત તથ્યો શક્ય તેટલી વહેલી તકે કોર્ટમાં રજૂ કરવામાં આવે. મતદાર યાદીની ચોકસાઈ અને નામ કાઢી નાખવાની પ્રક્રિયાના વાજબીપણાને ચકાસવા માટે આ પગલું મહત્વપૂર્ણ છે.જસ્ટિસ સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીની બેન્ચે પંચને ગુરુવાર (૯ ઓક્ટોબર) સુધીમાં જે મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે તે અંગેની બધી માહિતી સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો. ત્યારબાદ એસઆઈઆર પ્રક્રિયાને પડકારતી અરજીઓ પર વધુ સુનાવણી કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે દરેકનો ડ્રાફ્ટ મતદાર યાદીની ઍક્સેસ છે. અંતિમ યાદી પણ ૩૦ સપ્ટેમ્બરના રોજ પ્રકાશિત કરવામાં આવી હતી. તેથી તુલનાત્મક વિશ્લેષણ દ્વારા જરૂરી ડેટા પ્રદાન કરી શકાય છે. દરમિયાન કોંગ્રેસે મંગળવારે ફરી ચૂંટણી પંચ પર પ્રહાર કરતા કહ્યું કે જ્યારે તે મતદાર યાદીમાંથી બિન-નાગરિકોને દૂર કરવા માટે મતદાર યાદીમાં સંપૂર્ણ સુધારો કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે, ત્યારે ચૂંટણી પંચ પાસે નાગરિકોને કહેવાની હિંમતનો અભાવ છે કે, બિહારમાં મતદાર યાદીમાંથી કેટલા બિન-નાગરિકોને દૂર કરવામાં આવ્યા છે. કોંગ્રેસના મહાસચિવ અને પાર્ટીના સંચાર પ્રભારી જયરામ રમેશે આરોપ લગાવ્યો કે SIR પ્રક્રિયામાં સમાનતા અને પારદર્શિતાનો અભાવ છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ઑક્ટોબર – ૨૦૨૫ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ-૨૪ જિલ્લાઓ (આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, કચ્છ, મહીસાગર, પંચમહાલ, અને સાબરકાંઠા સિવાય તમામ) |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| | ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૯ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, કચ્છ, મહીસાગર, પંચમહાલ, અને સાબરકાંઠા માટેનું વિતરણ પ્રમાણ નોંધ - અંત્યોદય કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ અને જ્યાં બાજરીનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થાય ત્યાં બાજરીની અવેજમાં ચોખાનું વિતરણ કરવામાં આવશે. |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | વડોદરા જિલ્લા માટેનું વિતરણ પ્રમાણ નોંધ - અંત્યોદય કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે ઘઉં, ચોખા તથા જુવારનું વિતરણ અને જ્યાં જુવારનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થાય ત્યાં જુવારની અવેજમાં બાજરીનું વિતરણ કરવામાં આવશે. |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | જુવાર/બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | જુવાર/બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |

ઑક્ટોબર –૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની સીંગતેલ, તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | સીંગતેલ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ લિટર | ૧૦૦ |
| ૨ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૪ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | ખાંડ (તહેવાર નિમિત્તે વધારાની) | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૨૨ |
| ૬ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૦૮-૧૦-૨૦૨૫

# બગસરા નાગરિક શરાફી મંડળીની તમામ શાખામાં ડિવિડન્ડની ચુકવણી

અમરેલી,તા.૦૭



તસવીર : મયુર પંડયા

ગૂજરાતની પ્રથમ નંબરની શરાફી મંડળી શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની તમામ શાખાઓના સભાસદોને ૧૫% લેખે રૂા ૪૭,૪૮,૩૬૪ના ડિવીડન્ડ ચુકવણીનો શરદ પૂનમના પાવન પર્વ પર હેડ ઓફીસ બગસરાથી શૂભારંભ કરાયો હતો.

ડિવિડન્ડની ચુકવણી શાખાના જનરલ એમ.ડી. નિતેષ ડોડીઆ, સેક્રેટરી ડી.જી.મહેતા, ડીરેકટર મહેશ વ્યાસ અને કર્મચારીની હાજરીમાં કરવામાં આવી હતી.

**સભાસદોને રૂા.૪૭.૪૮ લાખ ડિવીડન્ડ ચુકવવામાં આવ્યું**

# જિલ્લામાં વિકાસ સપ્તાહ અંગે કલેક્ટરે માહિતી આપી

અમરેલી,તા.૦૭



અમરેલી જિલ્લામાં થઈ રહેલા વિકાસ સપ્તાહ અંગે માહિતી આપતા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું હતું કે, ૦૭ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે શપથ લીધી હતા.

આ ૨૪ વર્ષની વિકાસગાથાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત ૦૭ ઓક્ટોબરે યુવા સશક્તિકરણ દિવસ, ૦૮ ઓક્ટબરે રોજગાર મેળો યોજાશે, ૦૯ ઓક્ટોબરે પોષણ દિવસની ઉજવણી થશે. ૯-૧૦ ઓક્ટોબર દરમિયાન જિલ્લામાં ઉદ્યોગ સાહસિકતા દિવસ, ૧૧ ઓક્ટોબરે પંચાયત વિભાગ દ્વારા કાર્યક્રમ યોજાશે, ૧૨-૧૩ ઓક્ટોબરે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કાર્યક્રમ યોજાશે. ૧૪ ઓક્ટોબરે રવિ કૃષિ મહોત્સવ યોજાશે, જ્યારે ૧૫ ઓક્ટોબરના રોજ વિવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમ યોજાશે. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી, જેમાં એસ. પી.સંજય ખરાત સહિતના અધિકારીઓ જોડાયા હતા.

# અમરેલી વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ૫૧થી વધુ ગરબી મંડળોમાં માતાજીની પૂજા-અર્ચના

અમરેલી,તા.૦૭



નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે અમરેલી વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ) દ્વારા શહેરના ૫૧થી વધારે ગરબી મંડળોની મુલાકાત લઈને માતાજીની આરાધના કરવાનો ત્રિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્ર પ્રાંતના માર્ગદર્શન મુજબ, ભાસ્કરભાઈ મકવાણા તથા મહેશભાઈ કણઝરીયા, અને જિલ્લા વિ.હિ. પ.ના પ્રમુખ વિજયભાઈ દેસાઈની સૂચના મુજબ શહેર અધ્યક્ષ ભાવેશભાઈ કાબરીયાની ટીમ દ્વારા આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.વિહિપની ટીમ દ્વારા શહેરની દરેક ગરબી મંડળમાં માતાજીનો ફોટો, શ્રીફળ, ફુલહાર તથા ચુંદડી અર્પણ કરીને આરાધના કરવામાં આવી હતી, તેમજ માતાજીના દર્શન કરવાનો લાભ લેવામાં આવ્યો હતો. આ સાથે જ ગરબી મંડળના આયોજકોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સર્વે સમાજ અને સર્વે જ્ઞાતિના ગરબી મંડળના આયોજકોએ વિશ્વ હિન્દુ પરિષદની ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ કાર્યક્રમમાં ઈતેશભાઈ મહેતા, રશ્મીનભાઈ ત્રિવેદી, પંકજભાઈ ત્રિવેદી, યુવરાજસિંહ પલવાર, અશ્વીનભાઈ વાઢેર, પ્રતાપસિંહ રાઠોડ, રમીલાબેન પટોળીયા, મહેશભાઈ જળુ, કાનાભાઈ ટાંક સહિત જિલ્લા અને શહેરના અનેક કાર્યકરો જોડાયા હતા.

**કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો અને જિલ્લા અને શહેરના અનેક કર્યકરો જોડાયા**

# રાજુલા માર્કેટીંગ યાર્ડના ચેરમેન જીજ્ઞેશ પટેલનું સન્માન

રાજુલા,તા.૦૭



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા માર્કેટિંગ યાર્ડ ચેરમેન જીગ્નેશભાઈ પટેલની ગુજરાત નિયંત્રિત બજાર સંઘ-અમદાવાદ (ગુજરાત રાજ્ય)ના ચેરમેન તરીકે નિમણૂક થતા ભાક્ષી-ભંડારીયા હનુમાન દાદાના સાનિધ્યમાં વાવેરા ભાજપ અગ્રણી કનુભાઈ ધાખડા દ્વારા સરપંચો સહિત આગેવાનો સાથે જીગ્નેશભાઈ પટેલનું શાલ-ફુલહાર અને ભંડારીયા દાદાની તસવીર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ તકે, રાજુલા પંથકના રાજકિય અને સામાજિક આગેવાનો પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

# ધારી આઈટીઆઈ ખાતે આજે ભરતીમેળાનું કરાયુ આયોજન

અમરેલી,તા.૦૭

ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે તા.૦૮ને બુધવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્રધાનમંત્રી નેશનલ એપ્રેન્ટીસ ભરતી તથા પ્લેસમેન્ટ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. હીમખીમડી-તુલશીશ્યામ રોડ પારના આઈ.ટી.આઈ, ધારી ખાતે ધ્યેય કન્સલ્ટન્સી દ્વારા આ ભરતી મેળો યોજાશે. જેમાં આઈ.ટી.આઈ.ના ટ્રેડ, જેવા કે એમએમવી, એમડી, ટ્રેક્ટર મિકેનિક, મશીનીસ્ટ, ઈટી, ફીટર, ટર્નર, વેલ્ડર, પેન્ટર, વાયરમેન, સીઓઈ, ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક, ટુલ્સ એન્ડ ડાય, પીપીઓ આઉટ તાલીમાર્થીઓએ જોડાઈને તેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે, તેમ ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યની અખબારી યાદીમાં જણાવાયું છે.

**તાલીમાર્થીઓને લાભ લેવા આચાર્યનો અનુરોધ**

# અમરેલીમાં પહેલીવાર ગોસે પાકની શાનમાં ભવ્ય જુલુસ નીકળ્યું

અમરેલી,તા.૦૭



મુસ્લિમ સમાજના ધર્મ ગુરુ અને પીરોના પીર તરીકે ઓળખાતા ગોસ પાક (હઝરત સૈયદ અબ્દુલ કાદિર જીલાની)નો આ અગ્યારી મહિનો કહેવા આખો મહિનો મુસ્લિમ સમાજના લોકો પોતાની માન્યતા ન્યાજ કરતા હોઈ છે જેની શાનમાં અમરેલી ખાતે ભવ્ય જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોસપાકની યાદ અને ધાર્મિક મહત્વને ઉજાગર કરતું આ જુલુસ મુસ્લિમ વિસ્તારમાંથી શરૂ થઈને શહેરના મુખ્ય બજારમાંથી શાંતિપૂર્વક પસાર થયું હતું. આ ધાર્મિક સરઘસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા જેમાં પીરે તરીકત સરકાર દાદાબાપુ ચિસ્તી.મહેબુબબાપુ કાદરી.અલ્તાફ બાપુ કાદરી (મલ્કાનબાપુ) દાદાબાપુ કાદરી, જાવિદબાપુ કાદરી, શકીલબાપુ કાદરી, રજાકબાપુ કાદરી, જઈરૂદિનબાપુ ચિસ્તી, યાકુબબાપુ બહારૂની સહિતના સાદાતે કીરામ અને અમરેલીના સમસ્ત મુસ્લિમ સમાજે શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો. આ જુલુસમાં તાઈ મિલાદ કમેટી દ્વારા ગોસ પાકની સાનમાં કસીદા પઢ્યા હતા. જુલુસના માર્ગમાં ઠેર ઠેર લોકો દ્વારા ઉમંગભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધાર્મિક ભાવના સાથે વિવિધ સ્થળોએ ન્યાજ (પ્રસાદ)નું વિતરણ પણ કરવામાં આવ્યું હતું, જેમાં તમામ કોમના લોકોએ ભાગ લીધો હતો. આ ધાર્મિક આયોજન થકી સમાજમાં ભાઈચારા અને શાંતિનો સંદેશ ફેલાયો હતો. અગાઉ મુસ્લિમ વિસ્તારમાં ડેકોરેશન, અરબવાડા મસ્જીદના મોલાના સમસુદીન બાપુ દ્વારા તકરીરનો પ્રોગ્રામ રાખવામાં આવેલ આ તમામ કાર્યક્રમને સફળ બનાવવા મલ્કાનબાપુ કાદરી,હનીફભાઈ કસીરી,આસીફખાન પઠાણ ફિરોજભાઈ કુરેશી,મમદભાઈ કસીરી અને જાવેદખાન દ્વારા જહેમત ઉઠવામાં આવે હતી.

# બાબરાના ગમા પીપળીયા ગામે તબલા-મંજીરાના તાલે રાસ-ગરબા ગાઈને પ્રાચીન સંસ્કૃતિનું જતન

બાબરા,તા.૦૭



બાબરા તાલુકાના ગમા પીપળીયા ગામે પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાને જાળવી રાખીને નવરાત્રી અને દશેરા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ ગામમાં બહેનો અને બાલિકાઓ દ્વારા તબલા અને મંજીરાના તાલે ગરબા ગાઈને રાસ લેવામાં આવે છે. ગામની નાની બાલિકાઓ દ્વારા પણ રોજ અલગ-અલગ રાસ રજૂ કરવામાં આવે છે.આ ઉત્સવ દરમિયાન દુર્ગાષ્ટમીના પવિત્ર દિવસે પાનશેરીયા પરિવારના મંદિરે મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બહેનો અને ભાઈઓ દ્વારા મહાઆરતીનું આયોજન કરીને જય આદ્યા શક્તિ તેમજ ચારે ધામની ખોડલ માની આરતી બોલાવવામાં આવી હતી, જેનો ગમા પીપળીયાના સર્વ ગ્રામજનોએ દર્શનનો લાભ લીધો હતો.

# મોટા ભંડારિયાની કૃષિ કોલેજ ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરાયું

અમરેલી,તા.૦૭



રાષ્ટ્રીય સેવા યોજના (NSS) દ્વારા 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ મોટા ભંડારિયાસ્થિત કૃષિ કોલેજ ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ પર્યાવરણીય સંરક્ષણમાં યોગદાન આપવા અને સ્થાયી પરંપરાઓને પ્રોત્સાહન આપવાનો હતો. તેનો હેતુ આબોહવા પરિવર્તનને ઘટાડવા, હવાની ગુણવત્તા સુધારવા અને જૈવ વિવિધતા વધારવામાં વૃક્ષોના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન, એન. એસ. એસ. સ્વયંસેવકોએ જાંબુ, લીંબુ, લીમડો અને અન્ય છોડનું વાવેતર કર્યું હતું. કુલ ૧૩૬ સ્વયંસેવકો અને સ્ટાફ સભ્યોએ આ ગ્રીન પહેલમાં સક્રિયપણે ભાગ લીધો. આ કાર્યક્રમનું સંકલન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. કે. યુ. ચંદ્રવાડિયા, અને ડૉ. એન. એમ. ગોહેલ દ્વારા કૃષિ મહાવિદ્યાલય કોલેજના આચાર્ય ડૉ. ડી. એસ. કેલૈયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.









# બગસરાના મોટા મુંજીયાસર ગામે દારૂડીયાનો ત્રાસ

બગસરા,તા.૦૭

બગસરા તાલુકાના મોટા મંજીયાસર ગામે આવેલ આંગણવાડીમાં છેલ્લા ઘણા સમયથી એક ઈસમ વારંવાર દારૂ ઢીંચીને આવી ચડે છે. પોલીસ તેને પકડી લઈ જાય છે અને થોડીવારમાં છોડી મૂકે છે. જેને લીધે બાળકો ભયના વાતાવરણમાં શિક્ષણ મેળવી રહ્યા છે. જાણવા મળતી માહિતી મુજબ બગસરા તાલુકાના મોટા



તસવીર : હાર્દિક બામટા

મુંજીયાસર ગામે બસ સ્ટેન્ડ નજીક આંગણવાડી આવેલી છે ત્યાં મોટા મુંજીયાસરનો અમિત રાઠોડ નામનો યુવક દારૂના નશામાં વારંવાર આંગણવાડી પર ચડી આવે છે. તેમજ હાથમાં લાકડી જેવું હથિયાર રાખી બાળકોને ભયભીત કરે છે. છેલ્લા ઘણા સમયથી આ ઈસમ આવો આતંક ફેલાવી રહ્યો છે તેમ છતાં પોલીસ કોઈ ઠોસ કાર્યવાહી કરતી નથી. મંગળવારના રોજ આ વ્યક્તિ આંગણવાડીમાં દારૂના નશામાં આવી ચડ્યો હતો બનાવ સ્થળે હાજર રહેલા આગ્રણીએ ૧૧૨ હેલ્પ લાઈનમાં ફોન કરતા પોલીસની ગાડી આવી હતી. પરંતુ પોલીસ પણ તેને થોડો ટાઈમ પોલીસ સ્ટેશનમાં બેસાડી છોડી દેતી હોવાથી પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે. આ અંગે પીઆઈ ગીડાએ જણાવ્યું હતું કે, આ ઈસમ માનસિક અપસેટ છે. આ બાબતે યુવકના પરિવારને પણ હોસ્પિટલમાં સારવાર માટે કહેવામાં આવ્યુ હતુ, પરંતુ તેમના માતા-પિતા પણ આ બાબતે તૈયાર થતા ન હોવાથી આગળની કાર્યવાહી થઈ શકતી નથી.

**પોલીસ માત્ર ગણતરીની મીનીટો બેસાડી છોડી મુક્તી હોવાની રાવ**

# સા.કુંડલા-જેસર રોડ પર મસમોટા ખાડાથી વાહનોને ભારે નુકસાન

અમરેલી,તા.૦૭

સાવરકુંડલા-જેસર રોડની અત્યંત ખરાબ હાલતથી વાહનચાલકો અને ST બસ ડ્રાઈવરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

માર્ગ પરના મોટા ખાડાઓને કારણે દૈનિક ધોરણે પસાર થતી એસ.ટી. બસો વારંવાર ફસાઈ જાય છે. આના પરિણામે બસોના નીચેના ભાગને સતત ઘસારો લાગે છે



અને સાઈલેન્સર જેવા મહત્વના પાર્ટ્સ તૂટી રહ્યા છે. આ સમસ્યાને લીધે એસ.ટી. નિગમને મોટું આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. ગ્રામજનોની દ્વારા વારંવારની રજૂઆતો છતાં આ ગંભીર સમસ્યા પર કોઈ ધ્યાન અપાઈ રહ્યું નથી, જેના કારણે તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.

# અમરેલી જિલ્લામાં આજથી વિકાસ સપ્તાહની ઉજવણી

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં તા.૭મી ઓક્ટોબર યુવા સશક્તિકરણ દિવસે નિબંધ અને ક્વિઝ સ્પર્ધા, વ્યાખ્યાન માળા સહિતના કાર્યક્રમો શાળા -કોલેજોમાં યોજાશે, તા.૮મી રોજગાર મેળા યોજાશે, તા.૯મી પોષણ દિવસ અંતર્ગત પોષણક્ષમ વાનગીઓનું પ્રદર્શન, તા.૯ અને ૧૦ ઓક્ટોબર દરમિયાન ઉદ્યોગ સાહસિકતા દિવસે યોગ વિકાસની પ્રેરણાદાયી વાતોના કાર્યક્રમો, તા.૧૧મી ઓક્ટોબરે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ શ્રેષ્ઠ ગ્રામ પંચાયતોનું સન્માન સહિતના કાર્યક્રમ યોજાશે. તા.૧૨ અને ૧૩ ઓક્ટોબરના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ભીંતચિત્રો કંડારવા વગેરે, તા.૧૪મી ઓક્ટોબરે કૃષિ વિકાસ દિવસે રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત પાક પરિસંવાદો, પશુ આરોગ્ય મેળા, નવીન ખેત ટેકનોલોજી અને તા.૧૫મી ઓક્ટોબરે વિકાસ કાર્યોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરાશે.

# અમરેલી જિલ્લામાં ૫૫૦ દિવ્યાંગોને નિરામયા વીમા કાર્ડનું વિતરણ

**લાભાર્થીઓને કાર્ડની ઉપયોગિતા વિશે માહિતી આપવામાં આવી**

અમરેલી,તા.૦૭

જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અમરેલી દ્વારા સાત યોજના પૈકી નિરામયા વીમા યોજના હેઠળ માર્ગદર્શન શિબિર અને વીમા કાર્ડ વિતરણનો કાર્યક્રમ ડો. બાબા સાહેબ આંબેડકર ભવન અમરેલી અને નિવાસી અંધ વિદ્યાલય થોરડી ખાતે યોજાયો હતો. અમરેલી જિલ્લામાં કુલ ૫૫૦ દિવ્યાંગ વ્યક્તિઓને નિરામયા વીમા કાર્ડ આપવામાં આવેલ છે. લાભાર્થી તથા તેમના વાલીઓને આ કાર્ડની ઉપયોગિતા વિશે સંપૂર્ણ માહિતી પુરી પાડવામાં આવી હતી. શિબિરમાં સ્ટેટ નોડલ એજન્સી અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ ખાતેથી વનરાજસિંહ ચાવડા તથા મિહીરભાઈ જાની દ્વારા નિરામયા કાર્ડ અને ગાર્ડીયનશીપ વિષય પર વિશેષ બારીક માર્ગદર્શન જિલ્લાના દિવ્યાંગ લાભાર્થીઓને પુરુ પાડવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એન.એમ.પુરોહિતના માર્ગદર્શન હેઠળ સફળ રીતે આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં ચીફ ઓફીસર આર.બી.ખેર, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી વી.યુ.જોષી, જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના કર્મચારીઓ, જિલ્લા બાળ સુરક્ષા એકમના કર્મચારીઓ, નિવાસી અંધજન વિદ્યાલય થોરડીના કર્મીઓ સહિતનાએ જહેમત ઉઠાવી હતી

# સાવરકુંડલા બ્રાંચ શાળા નં-૭માં વિવિધ સ્પર્ધામાં ઈનામો અપાયા



અમરેલી,તા.૦૭

સાવરકુંડલા સરકારી બ્રાંચ શાળા નંબર-૭ ખાતે રંગોત્સવ સેલિબ્રેશન મુંબઈ દ્વારા આયોજિત રંગોત્સવ સ્પર્ધાનાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં બાલવાટિકાથી લઈને ધોરણ આઠ સુધીનાં વિધાર્થીઓએ ભાગ લીધો હતો. તેમને દરેકને પ્રમાણપત્રો તથા જુદી જુદી કેટેગરી વાઈઝ બ્રોન્ઝ, સિલ્વર અને ગોલ્ડ મેડલ અર્પણ કરવામાં આવ્યા હતા.

**જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે બાળકોને 'ગુડ ટચ' અને 'બેડ ટચ' વિશે વિસ્તૃત સમજણ આપી**

# વડીયાની મોંઘીબા પ્રા.શાળાના બાળકો સાથે એસ.પી.નો સીધો સંવાદ

વડીયા,તા.૦૭

અમરેલી જિલ્લામાં બાળકોની સુરક્ષા અને જાગૃતિ માટે 'મિશન સ્માઈલ' પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત, એસપી સંજય ખરાત અને ડીવાયએસપી નયના ગોરડિયા સહિતના અધિકારીઓએ વડીયાની મોંઘીબા પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી અને ૧૫૦ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. એસપી ખરાતે બાળકોને 'ગુડ ટચ' અને 'બેડ ટચ' વિશે વિસ્તૃત સમજણ આપી હતી. અધિકારીઓએ વિદ્યાર્થીઓને જાતીય સતામણીથી બચવા અને પોક્સો એક્ટ



સંબંધિત મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી હતી. સતામણીનો ભોગ બને તો વાલીઓ સાથે વાત કરવા અને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા અપીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત, બાળકોને ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ વિશે જાગૃત કરાયા હતા અને તેમને 'કોમળ' નામની શોર્ટ ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. આ જનજાગૃતિ કાર્યક્રમમાં પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.

# રાજુલાની એચ.બી.સંઘવી મહિલા કોલેજમાં મેડિકલ કેમ્પ યોજાયો

રાજુલા,તા.૦૭

રાજુલાની શ્રીમતી એચ. બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ અને અર્બન સંસ્થા રાજુલાના સંયુક્ત ઉપક્રમે મેડિકલ કેમ્પનું આયોજન થયું હતું. મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. આ કેમ્પમાં કોલેજની તમામ બહેનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. ડોક્ટર ટીમ દ્વારા





સ્થળ પર બ્લડ સુગર, બી.પી.ની તપાસ અને જરૂરી દવાઓ તથા આરોગ્યલક્ષી સલાહ-સૂચનો આપવામાં આવ્યા હતા. કેમ્પમાં કોલેજ સ્ટાફ અને મેડિકલ ટીમ ઉપસ્થિત રહી હતી.




# અમરેલી શહેરમાં જાહેરનામાના ભંગ બદલ ત્રણ લોકો સામે કાર્યવાહી

અમરેલી, તા.૦૭

અમરેલી શહેરમાં ત્રણ અને લીલીયામાં એક મળી કુલ ચાર ઈસમો સામે જાહેરનામાના ભંગની કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાનો ભંગ કરવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓ જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશોનું પાલન ન કરતા, અમલમાં રહેલા કાયદાનો ભંગ કર્યો હોવાનું સામે આવ્યું હતું. કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.












તંત્રી લેખ

# જીવલેણ સીરપનો હાહાકાર:

માસુમ બાળકોને આપવામાં આવતા કફ સીરપમાં ઝેરી રસાયણનો ઉપયોગ કરવામાં આવ્યો અને પરિણામે અનેક બાળકોના મોત થયા.વર્તમાન સમયમાં મધ્યપ્રદેશના છિંદવાડા અને રાજસ્થાનના અનેક જિલ્લાઓમાં ઝેરી કફ સિરપના કારણે માસૂમ બાળકોના મોતની જે કરુણ ઘટનાઓ સામે આવી છે, તેણે દેશભરમાં હાહાકાર મચાવ્યો છે. આ બાળકોના મૃત્યુનું કારણ એક એવું ઘાતક રસાયણ બન્યું છે જે ખરેખર તો દવાઓમાં વાપરવા માટે નહીં, પરંતુ ઔદ્યોગિક સોલ્વન્ટ તરીકે ઉપયોગમાં લેવાય છે. આ કેમિકલ છે ડાયથિલિન ગ્લાયકોલ (DEG), જેની માત્રા નિયત મર્યાદાથી વધુ હોય તો તે માનવ સ્વાસ્થ્ય માટે અતિ જોખમી સાબિત થાય છે અને દર્દીનું મૃત્યુ પણ નીપજાવી શકે છે.ડાયથિલિન ગ્લાયકોલ એક શક્તિશાળી ઔદ્યોગિક સોલ્વેન્ટ છે, જેનો ઉપયોગ સામાન્ય રીતે એન્ટિફ્રીઝ, બ્રેક ફ્લુઇડ અને પેઈન્ટ જેવા ઉત્પાદનોમાં થતો હોય છે. તેનો અર્થ એ છે કે આ કેમિકલ મૂળભૂત રીતે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી અને ઝેરી છે. તેમ છતાં, કેટલાક બેઈમાન ફાર્મા કંપનીના ઉત્પાદકો દ્વારા માત્ર વધુ નફો કમાવવાના લોભમાં તેને દવા જેવા સંવેદનશીલ ઉત્પાદનમાં ભેળવવાની હિંમત કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.સામાન્ય રીતે કફ સિરપમાં વપરાતા પ્રોપીલિન ગ્લાયકોલ કે ગ્લિસરિન જેવા સોલ્વન્ટ્સ મોંઘા હોય છે. આર્થિક લાભ ખાતર, તેના બદલે ડાયથિલિન ગ્લાયકોલનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. આ સસ્તા, પરંતુ ઝેરી સોલ્વન્ટના કારણે સિરપની કિંમત ઘટી જાય છે, પરંતુ તે વપરાશકર્તાના જીવનની કિંમત વસૂલ કરી લે છે. આ અક્ષમ્ય બેદરકારીના પરિણામે પાડોશના બંને રાજ્યોમાં ૧૬થી વધુ બાળકોના જીવન કમોતે હણાયા છે, જેણે ભારતીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગની નૈતિકતા અને ગુણવત્તા નિયંત્રણ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.આ પ્રકરણની શરૂઆત મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લામાં થઈ, જ્યાં બાળકોને શરદી-ખાંસી માટે આપવામાં આવેલી દવા પીધા પછી અચાનક કિડની ફેલ થવાના અનેક કિસ્સાઓ નોંધાયા. ટૂંક સમયમાં, ૧૦થી વધુ બાળકોએ જીવ ગુમાવ્યા, અને પાડોશના રાજસ્થાનમાં પણ આવા જ મૃત્યુ નોંધાયા. જ્યારે આ કફ સિરપના નમૂનાઓની ચકાસણી કરવામાં આવી, ત્યારે તમિલનાડુ સ્થિત એક કંપનીની 'કોલ્ડ્રિફ' નામની સિરપમાં ડાયથિલિન ગ્લાયકોલનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં અનેક ગણું વધારે, એટલે કે ૪૮.૬% જેટલું, જોવા મળ્યું. આ ઝેરી કેમિકલ શરીરમાં જઈને કિડની અને લીવરને તીવ્ર નુકસાન પહોંચાડે છે, જેનાથી પેશાબ આવવાનું બંધ થઈ જાય છે, ખેંચ આવવા લાગે છે અને અંતે કિડની ફેલ્યોર થવાથી બાળકનું મૃત્યુ નીપજે છે. આ તપાસે સ્પષ્ટ કર્યું કે બાળકોના મૃત્યુનું કારણ આ ઝેરી કેમિકલ જ હતું.આ દુર્ઘટના માત્ર એક કંપની કે એક સિરપ પૂરતી સીમિત નથી, પરંતુ તે સમગ્ર ભારતીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના ગુણવત્તા નિયંત્રણ (Quality Control) માં રહેલી ગંભીર ખામીઓ દર્શાવે છે. કાયદાકીય રીતે, કોઈપણ દવાના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતા દરેક કાચા માલની સઘન ચકાસણી થવી ફરજિયાત છે, જેથી તેમાં ડાયથિલિન ગ્લાયકોલ કે ઈથિલિન ગ્લાયકોલ જેવા ઝેરી તત્ત્વોની હાજરી ન હોય. જોકે, કેટલાક ઉત્પાદકો દ્વારા આ નિયમોને નેવે મૂકવામાં આવ્યા, જેના પરિણામે નિર્દોષ બાળકોએ ભોગ બનવું પડ્યું.આ ઘટનાએ સરકાર, ડ્રગ કંટ્રોલર સંસ્થાઓ અને ફાર્મા કંપનીઓને સચેત કર્યા છે કે ગુણવત્તાની બાબતમાં સહેજ પણ બેદરકારી કેટલી જીવલેણ સાબિત થઈ શકે છે. આ કેસમાં જવાબદાર ડૉક્ટર અને કંપનીના સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ થઈ છે અને દેશભરમાં આવી તમામ દવાઓના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ દુર્ઘટનાએ એ સંદેશ આપ્યો છે કે દવાઓના ઉત્પાદન અને વેચાણના ક્ષેત્રમાં સતર્કતા અને નૈતિકતા જાળવવી કેટલી અનિવાર્ય છે. ભારત વિશ્વમાં 'ફાર્મસી ઓફ ધ વર્લ્ડ' તરીકે જાણીતું છે, પરંતુ આવી ઘટનાઓ દેશની પ્રતિષ્ઠાને ગંભીર નુકસાન પહોંચાડે છે અને વૈશ્વિક સ્તરે વિશ્વાસ તોડે છે.ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે કડક કાયદાઓ અને ગુણવત્તા ચકાસણીની સુદ્રઢ વ્યવસ્થા બનાવવાની તાતી જરૂરિયાત છે.

સાંસદ, ધારાસભ્ય તથા સંતો મહંતોની હાજરીમાં

# દામનગર પંથકના આર્મી જવાન શહીદ થતાં પરિવારને રૂ. ૨૧ લાખનું અનુદાન

**દાતા વિજયભાઈ ભરવાડ દ્વારા પરિવારને આજીવન બનતી મદદ કરવાની ખાતરી આપી**

અમરેલી,તા.૦૭

થોડા દિવસો પહેલા દામનગર પંથકના ધામેલ ગામે આર્મીમાં ફરજ બજાવતા યુવાન શહીદ થયા હતા. નાની ઉંમરમાં જ યુવાને શહીદી વ્હોરી લેતા પરિવાર ઉપર આફત આવી પડી હતી. શહીદ મેહુલભાઈ ભુવાને સંતાનમાં બે નાના બાળકો છે ત્યારે આ પરિવારને મદદરૂ થવાના આશયથી વિજયભાઈ માલાભાઈ ભરવાડ દ્વારા શહીદના પરિવારને ૨૧ લાખની મદદ કરી હતી સાથોસાથો ભુવા પરિવારને બનતી દરેક મદદ કરવાની ખાતરી આી હતી. આ તકે સાંસદ ભરતભાઈ સુતરીયા,ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ સંતો મહંતો તથા ભરવાડ સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા.



# સા.કુંડલામાં ફ્રૂટની લારી જાહેર માર્ગ પર રાખી ટ્રાફિકને અડચણ ઊભી કરવા બદલ ગુનો નોંધાયો

સાવરકુંડલા, તા.૦૭

દિવાળીનું પર્વ નજીક આવતાં જ સાવરકુંડલામાં આજુબાજુના ગામના લોકો હટાણું કરવા મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. જેને લઈ ટ્રાફિકની સમસ્યા પણ વિકરાળ બની રહી છે. સાવરકુંડલા પોલીસે જાહેર માર્ગ પર ટ્રાફિકને અડચણ ઊભી થાય તે રીતે ગેરકાયદેસર રીતે ફ્રૂટની લારી ઊભી રાખવા બદલ એક આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, બે ફ્રૂટ વિક્રેતાએ ફ્રૂટની લારી મુખ્ય જાહેર રોડ પર એવી રીતે રાખી હતી કે જેના કારણે વાહનવ્યવહારમાં અવરોધ ઊભો થયો હતો અને ટ્રાફિક જામ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. ટ્રાફિક નિયમોનો ભંગ કરી જાહેર જનતાને અગવડ ઊભી કરવા બદલ આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દોઢ વર્ષની દીકરી પજવતી હોવાથી માતાનો એસિડ પી આપઘાતનો પ્રયાસ

**વડિયાના દેવળકી ગામે અરેરાટીભરી ઘટના**

વડિયા, તા.૦૭

વડિયા તાલુકાના દેવળકી ગામે એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી હતી.જેમાં દોઢ વર્ષની માસૂમ દીકરીને પજવવાના કારણે કંટાળીને એક માતાએ એસિડ પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવના પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.પોલીસમાં જાહેર થયેલી માહિતી મુજબ, આ કેસનો ભોગ બનનાર મહિલાને સંતાનમાં માત્ર એક દોઢ વર્ષની દીકરી છે. બાળકી નાની હોવાથી સ્વાભાવિક રીતે જ ઘરમાં વધુ પડતી પજવણી રહેતી હતી. આ બાબતથી માતાને તીવ્ર ક્રોધ (ગુસ્સો) ચડતાં તેમણે આવેશમાં આવીને એક ગંભીર પગલું ભર્યું હતું. ઘરમાં રાખેલી એસિડની બોટલમાંથી તેમણે જાતે જ એસિડ પી લીધું હતું. આ બનાવ બનતાની સાથે જ પરિવારજનો તાત્કાલિક ભોગ બનનાર મહિલાને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. હાલમાં તેમની સ્થિતિ અંગે વધુ વિગતો જાહેર થઈ નથી. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

# ખાંભાના મોટા સમઢીયાળા ગામે પ્રૌઢે ગાળો બોલાવાની ના પાડતાં લાકડીનો ઘા માર્યો

ખાંભા, તા.૦૭

ખાંભાના મોટા સમઢીયાળા ગામે પ્રૌઢે ગાળો બોલવાની ના પાડતાં લાકડીનો ઘા મારીને મુંઢ ઈજા પહોંચાડી હતી. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે મેહુરભાઈ વાલાભાઈ દાફડા (ઉ.વ.૬૫ ) એ નાનીબેન પાંચાભાઈ દાફડા, મનસુખભાઈ પાંચાભાઈ દાફડા તથા સુરેશભાઈ પાંચાભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમનું તથા આરોપીનું ઘર એક જ શેરીમાં છે. થોડા સમય પહેલા તેમના મોટર સાઈકલના કારણે આરોપીના બળદગાડાને ચાલવામા નડતર રૂપ થયું હતું. જે વાતનુ મનદુઃખ રાખી તેમના ઘરે જઈ ગાળો આપવા લાગ્યા હતા. તેમણે ગાળો આપવાની ના પાડતા લાકડીનો એક ઘા માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન પી સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

**જાનથી મારવાની ધમકી પણ આપી**

# સાવરકુંડલા શહેરમાં આરએસએસના સ્વયંસેવકોએ માર્ગો પર પથ સંચલન કર્યું

અમરેલી,તા.૦૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગૌરવશાળી શતાબ્દી વર્ષ નિમિત્તે, સાવરકુંડલા નગરમાં રાષ્ટ્રભાવના અને શિસ્તના અદ્ભુત દર્શન કરાવતા એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શતાબ્દી વર્ષના આ પાવન અવસરે, સંઘના સ્વયંસેવકોએ પોતાની રાષ્ટ્રીય સેવા અને શિસ્તબદ્ધ આચરણથી નગરનું વાતાવરણ રાષ્ટ્રપ્રેમથી છલકાવી દીધું હતું. કાર્યક્રમનો પ્રારંભ સાંજે ૪:૩૦ વાગ્યે જે.વી. મોદી હાઈસ્કૂલ મેદાન ખાતેથી ભવ્ય પથ સંચલન દ્વારા થયો હતો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મોટી સંખ્યામાં સ્વયંસેવકોએ પૂર્ણ ગણવેશમાં અપ્રતિમ શિસ્ત સાથે નગરના મુખ્ય માર્ગો પર સંચાલન કર્યું હતું. માર્ગો પર મોટી સંખ્યામાં હાજર રહેલા નગરજનોએ ઉષ્માભર્યો આવકાર આપી સ્વયંસેવકોનો ઉત્સાહ વધાર્યો હતો.



# ધારી ગળધરા ખોડીયાર મંદિરે રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ



ધારી,તા.૦૭

ગુજરાત રાજ્ય રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ધારી તાલુકાના પવિત્રધામ ગળધરા ખોડિયાર માતાજીના મંદિરના પંટાગણમાં આયોજિત રાસગરબા સ્પર્ધા કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો.આ તકે ધારાસભ્ય જે.વી.કાકડીયા, ધારી તાલુકા ભાજ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, ધારી તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, પ્રાંત અધિકારી હર્ષવર્ધન જાડેજા,મામલતદાર જોશી, ચલાલા નગરાલિકા ઉપપ્રમુખ ભયલુભાઈ વાળા સહિતના હાજર રહ્યાં હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૨૧ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૨૩ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૪૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૬૦ |
| બાજરી | ૩૦૦ | ૩૯૧ |
| તુવેર | ૯૬૦ | ૧૩૦૮ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૧૦૫ |
| ચણા સફેદ | ૧૦૭૦ | ૧૯૭૫ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| મગ | ૧૧૭૦ | ૧૭૭૬ |
| વાલ દેશી | ૪૦૦ | ૮૩૦ |
| ચોળી | ૭૨૧ | ૯૮૦ |
| વટાણા | ૧૦૨૦ | ૧૯૪૦ |
| રાજમા | ૯૬૧ | ૧૪૫૧ |
| સીંગદાણા | ૧૧૮૦ | ૧૩૩૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૦૯૦ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૧૨ |
| તલી | ૧૩૫૦ | ૧૯૨૭ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૭૪ |
| અજમો | ૯૫૦ | ૧૧૦૦ |
| સુવા | ૯૭૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૫૮૦ | ૮૮૦ |
| સીંગફાડા | ૯૪૦ | ૧૧૫૫ |
| કાળા તલ | ૩૧૦૦ | ૪૦૦૧ |
| લસણ | ૪૦૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૩૭૦ | ૧૪૭૩ |
| ધાણી | ૧૩૫૦ | ૧૪૯૪ |
| વરીયાળી | ૮૦૦ | ૧૪૨૬ |
| જીરૂ | ૩૨૫૦ | ૩૫૩૫ |
| રાય | ૧૨૦૦ | ૧૫૫૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૬૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૧૦૮૦ | ૧૧૭૫ |
| કલોંજી | ૩૯૦૦ | ૪૩૭૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૬૦ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૭૬૦૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૦૭ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૪૧ | ૧૧૦૪ |
| પપૈયા | ૫૧ | ૧૮૯ |
| બટેટા | ૨૧૧ | ૪૧૬ |

| | | |
|---|---|---|
| ડુંગળી સુકી | ૫૦ | ૨૪૧ |
| ટમેટા | ૧૨૫ | ૫૯૬ |
| સુરણ | ૨૦૧ | ૮૦૩ |
| કોથમરી | ૩૦૪ | ૧૮૪૦ |
| મુળા | ૧૩૨ | ૩૩૦ |
| રીંગણા | ૧૪૧ | ૪૩૦ |
| કોબીજ | ૧૨૯ | ૨૪૧ |
| ફ્લાવર | ૧૯૬ | ૫૦૨ |
| ભીંડો | ૧૧૨ | ૪૯૮ |
| ગુવાર | ૨૯૬ | ૧૪૮૦ |
| ચોળાસીંગ | ૧૭૦ | ૮૧૦ |
| વાલોળ | ૪૩૧ | ૯૧૫ |
| ટીંડોળા | ૨૧૯ | ૮૯૨ |
| દુધી | ૧૧૦ | ૩૬૦ |
| કારેલા | ૧૨૪ | ૩૯૦ |
| સરગવો | ૪૦૦ | ૧૯૬૦ |
| તુરીયા | ૧૫૨ | ૬૩૦ |
| પરવર | ૨૩૦ | ૧૦૬૧ |
| કાકડી | ૧૭૦ | ૫૬૦ |
| ગાજર | ૧૩૫ | ૪૮૭ |
| ગલકા | ૧૪૧ | ૫૮૦ |
| બીટ | ૧૦૨ | ૬૪૧ |
| મેથી | ૪૩૧ | ૧૬૦૦ |
| વાલ | ૨૩૫ | ૮૬૧ |
| ડુંગળી લીલી | ૧૩૩ | ૩૭૨ |
| આદુ | ૩૯૬ | ૧૨૧૧ |
| મરચા લીલા | ૧૧૬ | ૫૬૧ |
| હળદર લીલી | ૪૫૧ | ૧૧૧૩ |
| લસણ લીલું | ૬૯૩ | ૧૩૮૪ |
| મગફળી લીલી | ૨૦૨ | ૬૩૧ |
| મકાઇ લીલી | ૧૧૪ | ૨૧૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૭૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૨ |
| સિંગદાણા જાડા | ૧૦૩૧ | ૧૨૫૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૧૬૧ |
| એરંડા / એરંડી | ૧૧૮૬ | ૧૨૭૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૫૨૧ |
| ધાણા | ૯૦૧ | ૧૬૦૧ |
| લસણ સુકું | ૪૧૧ | ૮૯૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૩૦૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૩૫૧ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૧૩૧ | ૧૩૦૧ |
| રાય | ૧૩૭૧ | ૧૪૮૧ |
| મેથી | ૪૫૧ | ૯૬૧ |
| સુવાદાણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| કાંગ | ૨૩૧ | ૫૦૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૯૧ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૮૦૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૧૧ |
| મગ | ૧૨૦૧ | ૧૭૨૬ |
| વાલ | ૪૦૧ | ૧૦૦૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૧૩૧ |
| અજમાં | ૭૮૧ | ૧૪૦૧ |
| ગોગળી | ૬૦૦ | ૮૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૮૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૪૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૯૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૨૮૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૭૮૦ | ૪૦૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૨૫૦ | ૩૫૦ |
| અંબાળા | ૨૦૦ | ૪૦૦ |
| લીલી હળદર | ૭૮૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૩ | ૬ |
| મૂળા પુરા | ૩ | ૮ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ગ્રૂણ | ૧૧૮૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |

| | | |
|---|---|---|
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૮૦ | ૬૦૦ |
| વાલોર | ૩૮૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૧૦૦ |
| ફણશી | ૨૦૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૧ | ૬ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૨૦ | ૧૫૮૧ |
| શિંગ મઠડી | ૬૦૭ | ૯૪૮ |
| શિંગ મોટી | ૬૧૨ | ૧૦૨૬ |
| શિંગ દાણા | ૬૦૦ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૧૦૪૦ | ૨૨૨૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૪૧૫ |
| તલ કાશ્મીરી | ૧૮૧૦ | ૨૩૮૯ |
| બાજરો | ૩૧૮ | ૩૫૦ |
| જુવાર | ૪૦૦ | ૮૨૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૬૬ |
| ઘઉં લોકવન | ૪૯૧ | ૫૭૯ |
| મકાઈ | ૩૫૦ | ૫૫૦ |
| મગ | ૯૪૦ | ૧૬૬૫ |
| અડદ | ૯૧૦ | ૧૪૧૫ |
| ચણા | ૯૦૫ | ૧૧૪૦ |
| સફેદ ચણા | ૮૧૫ | ૧૧૨૭ |
| તુવેર | ૧૦૦૫ | ૧૨૧૪ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૪૨ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૨૯૦ |
| રાઈ | ૧૩૦૦ | ૧૪૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૩૦ |
| અજમા | ૧૬૫૦ | ૧૭૯૦ |
| મેથી | ૬૫૫ | ૮૫૫ |
| સોયાબીન | ૬૫૦ | ૮૦૫ |
| રજકાનુ બી | ૨૫૦૦ | ૭૧૫૦ |
| કાંગ | ૨૩૦ | ૪૩૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૦૦ | ૩૭૦ |
| રીંગણા | ૨૪૦ | ૪૪૦ |
| ફ્લાવર | ૨૩૦ | ૪૦૦ |
| કોબીઝ | ૧૧૦ | ૨૪૦ |

| | | |
|---|---|---|
| શકકરીયા | ૬૦૦ | ૭૪૦ |
| ટમેટાં | ૩૫૦ | ૪૫૦ |
| સુરણ | ૭૨૦ | ૮૦૦ |
| ગાજર | ૫૮૦ | ૮૨૦ |
| દુધી | ૨૫૦ | ૪૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૨૦ |
| ગલકા | ૨૨૦ | ૩૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૨૦ | ૪૨૦ |
| ગુવાર | ૪૩૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૫૦ |
| ચોળાલીલાં | ૫૨૦ | ૭૦૦ |
| તુરીયા | ૬૧૦ | ૮૦૦ |
| આમળા | ૮૦૦ | ૯૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૨૪૦ |
| ભીડો | ૩૦૦ | ૪૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૯૫૦ |
| ચીભડા | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૬૪૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૧૦ |
| મરચાં લીલા | ૨૫૦ | ૫૫૦ |
| મરચાં લાલ | ૧૫૦ | ૩૫૦ |
| ડુંગળી લીલી | ૨૧૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૩૦ |
| લસણ લીલુ | ૮૨૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૬૦૦ | ૭૫૦ |
| વાલ | ૭૨૦ | ૮૪૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૨૦ |
| લીંબુ | ૪૦૦ | ૮૦૦ |
| પાલક | ૫૫૦ | ૮૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૪ |
| કપાસ સી ગ્રેડી | ૫૯૫ | ૯૭૮ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૮૬ | ૧૪૪૦ |
| કપાસ કોડી | ૧૦૦૬ | ૧૧૮૬ |
| મગફળી | ૬૫૦ | ૭૫૦ |
| તલ | ૧૨૦૦ | ૧૭૦૫ |

| | | |
|---|---|---|
| અડદ | ૧૧૦૫ | ૧૩૦૧ |
| શીંગ દાણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૩૭૦ | ૧૩૭૦ |
| સોયાબીન | ૬૬૫ | ૬૬૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૭૦ | ૧૪૦૫ |
| મીડીયમ | ૯૦૦ | ૧૨૪૦ |
| મગફળી | ૮૧૫ | ૯૧૫ |
| તલ સફેદ | ૧૫૩૫ | ૧૮૫૫ |
| જીરુ | ૨૯૪૦ | ૩૩૫૦ |
| ઘંઉ | ૪૬૫ | ૫૩૫ |
| અડદ | ૮૮૫ | ૧૨૭૫ |
| મગ | ૧૨૮૦ | ૧૫૫૦ |
| ચણા | ૯૮૬ | ૧૦૫૪ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૭૦૦ | ૧૦૪૧ |
| શીંગ મોટી | ૬૫૦ | ૯૫૦ |
| તલ સફેદ | ૧૬૫૧ | ૧૯૦૧ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૮૦૧ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૮૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૭૦૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૬૩૦ |
| બાજરો | ૩૨૦ | ૪૬૦ |
| જુવાર | - | ૬૨૧ |
| અડદ | ૯૫૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| તુવેર | ૧૦૨૦ | ૧૧૩૫ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૨૨ |
| મેથી | ૭૩૦ | ૭૫૫ |
| ધાણા | - | ૧૦૫૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૯૦૦ | ૧૫૬૬ |
| ઘઉં લોકવન | ૪૨૮ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૭૨ | ૫૩૫ |
| અડદ | ૭૬૫ | ૧૦૦૦ |
| ચણા | ૮૬૫ | ૧૦૨૦ |
| લસણ | ૪૩૫ | ૪૪૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૫ |
| સોયાબીન | ૬૪૦ | ૭૬૫ |
| મગફળી | ૪૦૦ | ૬૮૨ |
| તલ સફેદ | ૧૫૧૫ | ૧૮૬૬ |

| | | |
|---|---|---|
| **રાજુલા** | | |
| શીંગ | ૫૦૦ | ૬૦૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૨૫ |
| તલ પીળા | ૨૦૩૧ | ૨૧૦૦ |
| કપાસ | ૫૦૦ | ૧૫૦૬ |
| બાજરો | ૩૬૫ | ૪૫૦ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૭૩ |
| જુવાર | ૫૧૨ | ૭૦૦ |
| અડદ | ૭૫૦ | ૭૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| એરંડી | ૯૦૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૧૦૧ | ૧૪૨૧ |
| કપાસ કોડી | ૭૨૫ | ૧૦૪૫ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૬૦૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૪૫૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૧ |
| ચણા | ૭૫૧ | ૧૦૯૬ |
| અડદ | ૭૦૧ | ૧૨૪૧ |
| તુવેર | ૮૦૦ | ૧૧૦૧ |
| મગફળી | ૫૦૧ | ૯૦૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૮૫૬ |
| મેથી | ૬૦૦ | ૮૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૧ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૭૮૫ | ૧૩૩૪ |
| શીંગ ૩૯ | ૬૬૬ | ૧૦૩૨ |
| શીંગ ગીરનારી | ૬૪૦ | ૯૦૦ |
| શીંગ જી ૨૦ | ૬૫૧ | ૯૯૦ |
| એરંડા | ૧૧૧૧ | ૧૧૬૦ |
| જુવાર | ૨૫૧ | ૭૪૧ |
| બાજરી | ૩૭૧ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૫ |
| મકાઇ | ૪૦૦ | ૫૨૧ |
| અડદ | ૮૪૮ | ૧૦૪૯ |
| મેથી | ૬૮૦ | ૧૦૮૦ |
| સોયબીન | ૭૯૬ | ૭૯૬ |
| ચણા | ૮૩૫ | ૧૦૬૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૧૯૩૩ |

| | | |
|---|---|---|
| તલ કાળા | ૩૨૦૦ | ૩૬૫૧ |
| તુવેર | ૬૪૫ | ૬૪૫ |
| જીરૂ | ૩૦૨૫ | ૩૦૨૫ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૮૦ |
| ડુંગળી સફેદ | ૧૦૫ | ૨૭૫ |
| કપાસ શંકર | ૬૦૦ | ૧૪૩૮ |
| નાળીયેર | ૧૬૨૫ | ૩૪૯૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૭૪૨ | ૧૦૩૬ |
| બાજરો | ૩૫૦ | ૫૬૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૬ |
| અડદ | ૮૫૦ | ૧૪૫૦ |
| મગ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૧ |
| જાકળીયા તલ | ૧૫૫૦ | ૨૧૦૫ |
| તલ | ૧૨૦૦ | ૧૮૭૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૮૭૫ |
| સોયબીન | ૪૫૦ | ૮૧૫ |
| કાંગ | ૪૦૦ | ૪૨૭ |
| **જામનગર** | | |
| જુવાર | ૪૦૦ | ૭૪૦ |
| બાજરો | ૩૧૫ | ૩૮૦ |
| ઘઉં | ૪૯૩ | ૫૪૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ચોળી | ૯૬૫ | ૧૨૮૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૯૬ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૯૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૦૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૩૪ |
| તલ | ૧૫૦૦ | ૧૯૪૫ |
| લસણ | ૪૫૦ | ૮૫૦ |
| કપાસ | ૯૦૦ | ૧૪૨૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૫૧૦ |
| અજમો | ૮૦૦ | ૨૭૯૦ |
| ધાણા | ૧૧૧૫ | ૧૫૧૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૦ |
| વટાણા | ૮૫૦ | ૧૬૪૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૪૦૦ |



લાગે તો તીર : -બોસ બોસ, આજકાલ મરણ બહું મોંઘા થઈ ગયા છે 06

# અરટ્ટાઈ વોટ્સએપને હંફાવી શકશે ?



**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

ભારત વોટ્સએપનો વિકલ્પ ઉભો કરી શકે ?

માર્ક ઝુકરબર્ગની માલિકીની મેટાની મેસેન્જર એપ વોટ્સએપનો આખી દુનિયામાં દબદબો છે. વિશ્વમાં દર મહિને લગભગ ૩ અબજ સક્રિય યુઝર્સ ધરાવતી વોટ્સએપના ભારતમાં પણ લગભગ ૫૪ કરોડ સક્રિય યુઝર્સ હોવાથી ભારતમાં વોટ્સએપ સૌથી વધારે યુઝર્સ ધરાવતી મેસેન્જર એપ છે.

વોટ્સએપની મોનોપોલીને તોડવા હવે અરટ્ટાઈ (Arattai) મેદાનમાં આવી છે. ઝોહો કોર્પોરેશન દ્વારા વિકસાવવામાં આવેલી ભારતીય ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ્લિકેશન અરટ્ટાઈ (Arattai) ડાઉનલોડ કરનારાંની સંખ્યામાં અચાનક જ ઉછાળો આવી ગયો છે. વોટ્સએપે તેની પ્રાયવસી પોલિસીમાં અપડેટ્સની જાહેરાત કર્યા પછી તરત જાન્યુઆરી ૨૦૨૧ માં આ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી પણ અત્યાર સુધી તેને ભારતીયોનો જોઈએ એવો આવકાર નહોતો મળ્યો.

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે સ્વદેશી અપનાવવા માટે કરેલી હાકલના પગલે અશ્વિની વૈષ્ણવ, ધર્મેન્દ્ર પ્રધાન સહિતના મંત્રીઓએ પણ અરટ્ટાઈ (Arattai)ની તરફેણ કરતાં અચાનક જ એપ ડાઉનલોડમાં અરટ્ટાઈ (Arattai)ની બોલબાલા થઈ ગઈ છે. કંપની દ્વારા કરાયેલા દાવા પ્રમાણે, પહેલાં દરરોજ લગભગ ૩ હજાર એપ ડાઉનલોડ થતી હતી. તેના બદલે હવે દરરોજ ૩.૫ લાખ એપ ડાઉનલોડ થઈ રહી છે તેથી સો ગણો વધારો થઈ ગયો છે. તમિલમાં અરટ્ટાઈનો અર્થ "ચેટ" અથવા "વાતચીત" થાય છે તેથી નામથી તો આ એપ સ્વદેશી છે જ પણ આ એપની માલિકી પણ ભારતીયોની છે.

આ એપ વિકસાવનારી ઝોહો કોર્પોરેશન ભારતીય મલ્ટિનેશન ટેકનોલોજી કંપની છે. બિઝનેસ સોફ્ટવેર અને વેબ-આધારિત બિઝનેસ ટૂલ્સ બનાવતી ઝોહો કોર્પોરેશન ઓનલાઈન ઓફિસ સ્યુટ એવા ઝોહો ઓફિસ સ્યુટ માટે જાણીતી છે. ઝોહોનું હેડ ક્વાર્ટર ચેન્નાઈમાં છે અને ૮૦ દેશોમાં તેની ઓફિસો છે.

ઓસ્ટિન, ટેક્સાસમાં અમેરિકન હેડ ક્વાર્ટર ધરાવતી ઝોહો મુંબઈ, દિલ્હી અને ચેન્નાઈમાં ડેટા સેન્ટરો પણ ચલાવે છે. કંપની બીજાં વૈશ્વિક સ્થળોએ પણ ડેટા સેન્ટરો ચલાવે છે. શ્રીધર વેમ્બુની બહેન રાધા વેમ્બુ અને ભાઈ સેકર વેમ્બુ કંપનીમાં અનુક્રમે ૪૭.૮ ટકા અને ૩૫.૨ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે સહ-સ્થાપક ટોની થોમસ ૮ ટકા અને શ્રીધર વેમ્બુ ૫ ટકા હિસ્સો ધરાવે છે તેથી ૯૫ ટકાથી વધારે હિસ્સો ૪ ભારતીયો પાસે જ છે.

■■■

અરટ્ટાઈ (Arattai) ભારત માટે કેમ મહત્વની છે ?

દુનિયામાં અત્યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સમાં અમેરિકાની બોલબાલા છે. એલન મસ્કની માલિકીની એક્સ, ગુગલની માલિકીનું જી-મેલ અને માર્ક ઝુકરબર્ગની માલિકીની મેટાનાં ઈન્સ્ટાગ્રામ, ફેસબુક વગેરે ભારે પ્રભાવ ધરાવતાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અમેરિકાનાં છે. મેસેન્જર એપ, માઈક્રો બ્લોગિંગ સાઈટ્સ તરીકે કામ કરતાં આ પ્લેટફોર્મ્સનો ભારતમાં પણ વ્યાપક પ્રભાવ છે. બલ્કે ભારતીયો તેના પર સંપૂર્ણપણે નિર્ભર છે.

ભારત દુનિયામાં સૌથી વધારે વસતી ધરાવતો દેશ હોવા છતાં ભારતનું પોતાનું કોઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જ નથી. તેના કારણે ભારતે આ પ્લેટફોર્મની મનમાની અને દાદાગીરી સહન કરવી પડે છે. તેની સામે દુનિયાના ભારતથી ઓછી વસતી ધરાવતા દેશો પાસે પણ પોતાનાં પ્લેટફોર્મ છે તેથી અમેરિકાની કંપનીઓની તેમને પરવા નથી.

રશિયાએ તો ટેલિગ્રામ વિકસાવીને અમેરિકન કંપનીઓની ઉંઘ હરામ કરી દીધી છે. ટેલિગ્રામ ૨૦૧૩માં રશિયન ભાઈઓ પાવેલ અને નિકોલાઈ દુરોવ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં રશિયામાં વિકસાવવામાં આવેલ ટેલિગ્રામનું હેડ ક્વાર્ટર થોડા સમય માટે જર્મનીમાં હતું પણ રશિયામાં અશાંતિના કારણે ૨૦૧૭ થી દુબઈમાં હેડ ક્વાર્ટર ખસેડાયું છે. ટેલિગ્રામે અમેરિકન કંપનીઓને હંફાવી દીધું છે.

ચીનમાં તો અમેરિકાની કંપનીઓના ચણા પણ નથી આવતા. ચીન પાસે WeChat (Weixin) નામે સુપર-એપ છે કે જે મેસેજિંગ, સોશિયલ મીડિયા, મોબાઈલ પેમેન્ટ્સ સહિતની સંખ્યાબંધ સર્વિસ આપે છે. સિના વેઈબો ટ્વિટર જેવું જ લોકપ્રિય માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ છે કે જેના પર ગમે તે પોસ્ટ કરી શકાય છે. ટિકટોકનું ચાઈનીઝ વર્ઝન ડુયિન વીડિયો પ્લેટફોર્મ છે જ્યારે QZone સોશિયલ મીડિયા એપ્લિકેશન પર યુઝર્સ બ્લોગ લખી શકે છે, ફોટા શેર કરી શકે છે અને મ્યુઝિક સાંભળી શકે છે.

રશિયા પાસે VKontakte (VK) છે કે જે મેસેજિંગ, ડેટા શેર અને લોકો સાથે કનેક્ટ કરે છે. ઓડનોક્લાસ્નીકી (ઓકે) પણ લોકપ્રિય મેસેજિંગ અને વર્ચ્યુઅલ ગિફ્ટ માટેનું પ્લેટફોર્મ છે. રશિયા પાસે ટેલિગ્રામ પણ છે. જાપાન પાસે LINE મેસેજિંગ માટેનું સોશિયલ નેટવર્કિંગ પ્લેટફોર્મ છે કે જેના પર ગેમ્સ અને શોપિંગ કરી શકાય છે જ્યારે Mixi સોશિયલ નેટવર્કિંગ સાઈટ છે. દક્ષિણ કોરિયા નાનો દેશ હોવા છતાં તેની પોતાની KakaoTalk નામે મેસેજિંગ એપ્લિકેશન છે કે જેના પર ગેમ્સ, શોપિંગની પણ મજા માણી શકાય છે.

આ દેશોએ પોતાનાં પ્લેટફોર્મ બનાવીને સાબિત કર્યું છે કે, અમેરિકાની તેમને જરૂર નથી. અરટ્ટાઈ ભારતમાં એ કરી શકે તો મોટી સિધ્ધી મનાશે કેમ કે પહેલાં કરાયેલા આ પ્રકારના પ્રયત્નો સફળ થયા નથી.

■■■

કૂ (Koo)નો કિસ્સો તાજો છે.

મોદી સરકારે ભારતનું પોતાનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉભું કરવા પહેલાં પણ પ્રયત્ન કર્યા હતા. તેના ભાગરૂપે ટ્વિટરના વિકલ્પ તરીકે કૂ (Koo) નામની એપને ભરપૂર પ્રોત્સાહન આપ્યું હતું. ટ્વિટર અને વોટ્સએપ બંને અલગ પ્રકારનાં પ્લેટફોર્મ છે પણ બંનેનું કામ લોકો સુધી મેસેજ પહોંચાડવાનું છે તેથી બંનેને એક જ કેટેગરીમાં ગણી શકાય.

૨૦૨૦માં મોદીએ આત્મનિર્ભર ભારત અભિયાનની શરૂઆત કરી પછી મન કી બાત કાર્યક્રમમાં કૂ (Koo) એપનો ઉલ્લેખ કરતાં તેને જોરદાર પબ્લિસિટી મળી ગઈ હતી. મોદીએ કૂ (Koo) શુધ્ધ ભારતીય હોવાનો ઉલ્લેખ કરતાં ભાજપના ઘણા બધા નેતા, મંત્રીઓ અને રાજ્ય કક્ષાના નેતાઓએ કૂ પર એકાઉન્ટ ખોલાવીને ટ્વિટરના બદલે કૂ પર પોસ્ટ મૂકવા માંડી હતી.

બહુ ટૂંકા ગાળામાં અલગ અલગ એપ પ્લે સ્ટોર પર ૩૦ લાખથી વધારે એપ ડાઉનલોડ થઈ હતી. ધીરે ધીરે ભારતમાં કૂ (Koo)ના ૬ કરોડ યુઝર થઈ ગયા હતા. મોદી સરકારના ઘણા વિભાગો કૂ એપ પર જ પોસ્ટ મૂકતા હતા. અલબત્ત મોદી પોતે કૂ પર નહોતા આવ્યા. ટ્વિટર માત્ર અંગ્રેજીમાં છે જ્યારે કૂ આઠ ભારતીય ભાષામાં ઉપલબ્ધ હોવાથી ઘણી રાજ્ય સરકારો પણ સત્તાવાર જાહેરાતો કૂ પર મૂકવા માંડી હતી.

કૂ એપ (Koo App) ભારતમાં જ બની હોવાથી તેને આત્મનિર્ભર એવોર્ડ પણ અપાયો હતો. બેંગલુરુ સ્થિત બોમ્બિનેટ ટેક્નોલોજીસ કંપની દ્વારા શરૂ કરાયેલી કૂ એપના સ્થાપકો અપ્રમેય રાધાકૃષ્ણ અને મયંક બિદાવતકા હતા. બોમ્બિનેટ ટેક્નોલોજીસમાં ટાઈગર ગ્લોબલ મેનેજમેન્ટ, બ્લુમ વેન્ચર્સ, કલારી કેપિટલ અને એક્સેલ અને ભૂતપૂર્વ ઈન્ફોસિસ સીએફઓ ટીવી મોહનદાસ પાઈની ૩one૪ કેપિટલનું રોકાણ હતું.

મોદી સરકારે ટ્વિટર સહિતનાં સોશિયલ મીડિયાનો ભારતીય વિકલ્પ ઉભો કરવા માટે આત્મનિર્ભર એપ ઈનોવેશન ચેલેન્જ શરૂ કરી હતી. આ સ્પર્ધામાં દેશભરની લગભગ ૭,૦૦૦ એપે ભાગ લીધો હતો. કૂને આ એન્ટ્રીઓમાંથી શ્રેષ્ઠ એપ્સ તરીકે પસંદ કરવામાં આવી હતી. આ કારણે કૂ પહેલી શુધ્ધ સ્વદેશી એટલે કે ભારતીય માઈક્રોબ્લોગિંગ અને સોશિયલ નેટવર્કિંગ સર્વિસ હોવાનો દાવો કરીને ગર્વ લેવાતો હતો પણ ૨૦૨૧માં આ દાવાની હવા નીકળી ગઈ.

ફ્રેન્ચ સિક્યુરિટી રિસર્ચર રોબર્ટ બેપ્ટિસ્ટેએ ૨૦૨૧માં દાવો કર્યો હતો કે, કૂ એપ સુરક્ષિત નથી. આ એપમાં યૂઝર્સનો પર્સનલ ડેટા લીક થઈ રહ્યો છે. પર્સનલ ડેટામાં યૂઝરનું ઈમેલ આઈડી, ફોન નંબર અને જન્મતારીખ વગેરે સામેલ છે. બેપ્ટિસ્ટેએ પોતાના ટ્વીટર હેન્ડલથી ટ્વીટ કરીને કૂ એપના ચીની કનેક્શનનો પણ ભાંડો ફોડ્યો પછી કૂનાં વળતાં પાણી શરૂ થયાં. બેપ્ટિસ્ટેએ ધડાકો કરેલો કે, કૂ એપમાં ચીનની કંપની શુનવેઈનું રોકાણ છે.

પહેલાં તો કૂ આ વાત માનવા તૈયાર નહોતી પણ છેવટે કૂ એપના કો-ફાઉન્ડર અને સીઈઓ અપ્રમેય રાધાકૃષ્ણે પોતાની કંપનીમાં ચીનની કંપની શુનવેઈનું કેટલુંક ઈન્વેસ્ટમેન્ટ હોવાનું કબૂલ્યું હતું. ચીનની જાયન્ટ મોબાઈલ કંપની શાયોમી સાથે જોડાયેલું શુનવેઈ એક વેન્ચર કેપિટલ ફંડ છે અને સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરે છે.

કંપનીનું કહેવું હતું કે, શુનવેઈ ટૂંક સમયમાં ભાગીદારીમાંથી બહાર થઈ જશે અને પોતાની હિસ્સેદારી વેચી દેશે. આ વાત સાચી પણ સાબિત થઈ કેમ કે સત્તાવાર રીતે શુનવેઈએ માર્ચ, ૨૦૨૧માં પોતાનો તમામ હિસ્સો વેચી દીધો હતો. જો કે કૂનું ચાઈનીઝ કનેક્શન બહાર આવ્યું પછી ભારતીયોને તેમાંથી રસ ઉડી ગયો. લોકો કૂ (Koo)થી દૂર ભાગવા માંડ્યા અને એક સમયે ૬ કરોડ યુઝર તથા ૨૮ કરોડ ડોલર એટલે કે લગભગ ૨૫૦૦ કરોડ રૂપિયાની વેલ્યુ ધરાવતી કૂ (Koo)નાં ૨૦૨૪ના જુલાઈમાં પાટિયા પડી ગયા. નાઈજીરિયા અને બ્રાઝિલમાં પણ કૂ (Koo) શરૂ થયેલું પણ અત્યારે તેના પણ પાટિયા પડી ગયેલા છે. ઝોહોની અરટ્ટાઈનું શું થાય છે એ જોઈએ.

■ sanjogpurti@gmail.com

# મહેન્દ્ર રસસભર રેલ-જનકવાણી : એક સાક્ષાત રેલ-રસ



**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

RAILWAY EXPRESSમાં મહેન્દ્રસિંહ પરમારના સ્વરમાં જનક ત્રિવેદીનો નિબંધ "બાપુની ગાડી અને બીજા કિસ્સા" સાંભળીને માત્ર આનંદાભિરંજીત જ નહીં, જ્ઞાનાભિરંજીત પણ થઈ જવાયું...

મહેન્દ્રસિંહ પરમાર માત્ર ગુજરાતી પ્રોફેસર જ નહીં, નાટક, કવિતા, વાર્તા, વિવેચન સહિત સર્વ સાહિત્યના જ્ઞાતા અને એક રસધાર અવાજના માલિક છે. તો જનક ત્રિવેદી કોલેજકાળથી જ મારા મનગમતા કલમકાર રહ્યા છે. પુસ્તકોમાં "બાવળ વાવનાર" જનકભાઈએ બહુ નાનપણથી જ મારી અંદર રેલવેની અનોખી દુનિયા ઉગાડી છે. એક રિપોર્ટર તરીકે મારે રેલવે જગતને પ્રત્યક્ષ જોવા સમજવાનું બન્યું તે પહેલા રેલવેની ઘણી ખરી દુનિયા તો મેં જનક ત્રિવેદીની કલમ થકી જ માણેલી.

...એટલે મનભાવન સ્વરકાર મહેન્દ્રસિંહના અવાજમાં જનકભાઈની જબાનને સાંભળીને "અહો-અહો" થઈ જવાયું. ભાવનગર ડિવિઝનનો બાપુ-ગાડીનો એ જમાનો અને રેલ અધિકારીઓનો બાબુશાહીનો એ જમાનો, એ સમયના સ્ટેશન માસ્તરો, લાગવગશાહી વગેરે એકદમ જીવંતભાવે પ્રત્યક્ષ થયા. મિસીસ કેમલના મૃત્યુવાળો રમૂજી કિસ્સો સાંભળવાની "છલોછલ" મજા પડી.

ઓડિયો ક્રિએશનમાં ટેકનિકલ મામલે પણ સરસ કામ થયું છે. પ્રથમ તો કાને પડે છે એ જમાનાની રેલગાડીઓનો "છૂકભકાટ" અને પછી શરુ થાય છે નિબંધની મહેન્દ્રીય જનકવાણી. સમગ્ર વાત-વર્ણનમાં તો રેલવે છે જ; બેકગ્રાઉન્ડમાં પણ છે, એ ઉપરાંત વચ્ચે વચ્ચે પરિચ્છેદ પરિવર્તન વેળા પણ બુલંદ બનતો રેલધ્વનિ શ્રોતાને રેલમય બનાવી મૂકે છે. મહેન્દ્રસિંહે રીતસર રેલના સૂર રેલાવ્યાં છે. મજા એ છે કે મહેન્દ્રસિંહ "આંગિકમ ચ વાચિકમ્"ના પણ માણસ છે. એટલે નિબંધ-પઠન દરમ્યાન પ્રસંગ નિરુપણમાં જ સંવાદખંડ આવે છે તે માત્ર સીધું-સાદું પઠન ન રહેતાં એક "લઘુનાટ્ય પ્રસ્તુતિ"ના રુપમાં આપણા કર્ણ સમક્ષ ઉપસી આવે છે. ઓવરઓલ, મહેન્દ્રસિંહનું બહુઆયામી વ્યક્તિત્વ માત્ર આનંદાભિમૂખ જ નહીં, રેલ-જ્ઞાનાભિમૂખ પણ કરે છે.

હું જ્યારે શામળદાસ કોલેજમાં અંગ્રેજી વિભાગના વિદ્યાર્થી તરીકે ભણતો ત્યારે વાસ્તવમાં મને ખંડ-મર્યાદામાં સીમિત રહેવું ગમતું નહીં. એટલે હું માત્ર અંગ્રેજી ક્લાસમાં જ નહીં, જ્યારે જે ક્લાસમાં બેસવાનું મન થાય ત્યાં બેસીને મનવાંછિત અધ્યાપકોને હું માણતો. એક જ વિષયમાં રોજરોજ ભણવાનું મને સજા જેવું લાગતું. એટલે ગુજરાતી મારા અભ્યાસનો વિષય નહીં હોવા છતાં ગુજરાતીના ક્લાસમાં પ્રો. જે.આર. ગોહિલ (માય ડીયર જયુ)ને હું માણતો. વળી એવુંય નહીં કે શામળદાસનું છાત્રત્વ ધારણ કર્યું એટલે શામળદાસ પૂરતું જ સીમિત રહેવું. એટલે હું ગુજરાતી ભવનમાં વિનોદ જોષીના વ્યાખ્યાનમાં જઈને પણ બેસતો અને વળિયા કોલેજમાં શિલ્પીન થાનકી સાહેબનાં હિન્દી વ્યાખ્યાનો પણ માણતો. આ રીતે હું આખી યુનિવર્સિટીમાં ગમે ત્યારે ગમે તે વિદ્યાખંડને મારી વિશેષ ઉપસ્થિતિનો સરપ્રાઈઝ લાભ આપતો અથવા લેતો. આ રીતે હું ભાવનગર યુનિવર્સિટીનો પ્રથમ અને એકમાત્ર "બૃહદ છાત્ર" હતો. એના કારણે લગભગ દરેક પ્રોફેસર અને વિદ્યાર્થીઓ મને ઓળખતા. મહેન્દ્રસિંહ સાથે પણ બથ્થડ ઓળખાણ પહેલેથી જ. ગદ્યસભા અને અન્ય સાહિત્યિક કાર્યક્રમોના કારણે અવારનવાર મળવાનું બનતું. અને તો ય વળી, તખુ બાપુ (પ્રિ. તખ્તસિંહ પરમાર)ની માફક સ્થાનિક વ્યક્તિઓને પણ પત્ર લખવાનો શોખ. એટલે મહેન્દ્રસિંહ સાથે પત્રવ્યવહાર પણ થતો. એમના જવાબ પણ મને મળતા. એમના પત્રો હું વારંવાર વાંચીને મમળાવતો. પણ તોય એક ઈચ્છા અધૂરી રહી ગઈ કે એમના ક્લાસમાં છાત્ર તરીકે ક્યારેય બેસી શકાયું નહીં...

પણ એમના સ્વરમાં જ્યારે RAILWAY EXPRESSમાં મેં જનક ત્રિવેદીના નિબંધનું પઠન સાંભળ્યું ત્યારે લાગ્યું કે આ એક કલાકૃતિનું અનુભાવન માત્ર જ નથી, આ એમનો એક ડિજિટલ ક્લાસ છે. હું એમના ક્લાસમાં ઉપસ્થિત નથી રહી શકતો એટલે એક વિશેષ માધ્યમથી એ વિશેષ ક્લાસ મારા સુધી લંબાયો છે અને મારામાં રહેલું છાત્રત્વ જનક-મહેન્દ્ર જ્ઞાનસરોવરમાં હિલ્લોળા લઈ રહ્યું છે. આ શ્રવણયાત્રા સહુ કોઈએ કરવા જેવી છે.

■ naranbaraiya277@gmail.com

# આર.એસ.એસ. શતાબ્દી મહોત્સવ પ્રકલ્પ...




**સામાજિક અને શૈક્ષણિક**
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે 'ગર્વ સે કહો હમ હિન્દુ હૈ..' જે દેશનું નામ હિન્દુસ્તાન હોય તે રાષ્ટ્રના લોકોમાં રાષ્ટ્રવાદની ભાવના પ્રબળ હોવી જ જોઈએ. આપણે રોજ બોલીએ છીએ ભારત મારો દેશ છે, હું મારા દેશને ચાહું છું, તેના સમૃદ્ધ વારસાનું મને ગર્વ છે. આ બાબતને ચરિતાર્થ કરતી સંસ્થા એટલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી મહોત્સવ પર્વે સમગ્ર રાષ્ટ્રના લોકોએ ગૌરવ લેવાની બાબત છે. પૂજ્ય ડો. હેડગેવારજીએ પાયાની ઈંટ મૂકી જે આજે વિશ્વની સૌથી મોટી સંસ્થા એટલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ.

નમસ્તે સદા વત્સલે માતૃભૂમિની ભાવના રાષ્ટ્રના તમામ વ્યક્તિઓ સુધી પહોંચે તે માટે સંઘ કાર્ય કરે છે. સંઘ માટે રાષ્ટ્ર પ્રથમ છે. પૂજ્ય ભાગવતજીના નેતૃત્વમાં રાષ્ટ્રસેવાના અનેક પ્રકલ્પો નિર્માણ થઈ રહ્યા છે. કુદરતી આપત્તિ હોય કે રાષ્ટ્રસેવાની અન્ય પ્રવૃત્તિ હોય તેમાં સંઘ સેવાકીય કાર્યોમાં અગ્રેસર જ હોય છે. શતાબ્દી મહોત્સવમાં ભારતના નાના ભૂલકાથી માંડીને યુવા લોકો જોડાય. સંઘના આદર્શો અને રાષ્ટ્રસેવાના પ્રકલ્પો થતી જન ભાગીદારી સ્થાપિત કરવાના ઉદ્દેશો સાકાર થઈ રહ્યા છે.

રાષ્ટ્રસેવાથી સમાજસેવાના પ્રકલ્પોને ચરિતાર્થ કરવા માટે સામાન્ય કાર્યકર્તાઓથી માંડીને સંઘ સાથે જોડાયેલ વ્યક્તિ નિઃસ્વાર્થ અને સમર્પણ ભાવનાથી કાર્ય કરે છે. વટાળ પ્રવૃત્તિ અને બિનહિંદુ દ્વારા થતી પ્રવૃત્તિને તિલાંજલિ આપવા સંઘ કટિબદ્ધ છે. સંઘનો ઈતિહાસ વિરાટ સ્વરૂપે છે.

૨૭ સપ્ટેમ્બર, ૧૯૨૫ના રોજ સ્થપાયેલી આ સંસ્થાની શરૂઆતની પ્રેરણા હિંદુ સમુદાયને એકતાંતણે બાંધવા અને હિન્દુ રાષ્ટ્રની સ્થાપના કરવા માટે ચારિત્ર્ય તાલીમ પૂરી પાડવાની અને "હિન્દુ શિસ્ત" કેળવવાની હતી. આ સંગઠનનો હેતુ હિન્દુ સમુદાયને "મજબૂત" બનાવવા માટે હિન્દુત્વની વિચારધારાનો ફેલાવો કરવાનો છે અને ભારતીય સંસ્કૃતિ અને તેની સભ્યતાના મૂલ્યોને જાળવવાના આદર્શને પ્રોત્સાહન આપવાનો છે. બીજી તરફ, આર.એસ.એસ.ને "હિન્દુ સર્વોપરિતાના આધાર પર સ્થાપિત" તરીકે વર્ણવવામાં આવ્યું છે. સંઘના મુખ્ય ઉદ્દેશો અને હેતુઓ :- સંઘનો મુખ્ય ઉદ્દેશ તેના કાર્યકરો દ્વારા હિંદુ સમાજની ધરોહરની રક્ષા અને હિંદુ સમાજમાં એકતા દ્વારા રાષ્ટ્રઘડતર છે. આ ઉપરાંત સંઘ તેના કાર્યકરોમાં શિસ્ત, નીડરતા, વીરતા અને નિઃસ્વાર્થ સમાજસેવા જેવા ગુણો દ્વારા સમાજ અને રાષ્ટ્રસેવા કરે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે તેની સ્થાપનાથી અત્યાર સુધી અનેકવિધ આંદોલનો અને ચળવળોમાં ભાગ લીધો છે. હિંદુ સમાજમાં અસ્પૃશ્યતાના દુષણ સામે તથા સ્વદેશી માલ-સામાન ખરીદવાના અભિયાન સતત ચલાવે છે જ્યારે રામજન્મભૂમિ મુક્તિ, કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ દૂર કરવા માટે, ગોવાને પોર્ટુગીઝ શાસનમાંથી મુક્ત કરાવવાના આંદોલનોમાં સંઘ અને તેના કાર્યકરોએ સક્રિય ભાગ ભજવ્યો હતો. ૧૯૬૨ના ચીન સાથેના તથા ૧૯૬૫ અને ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુધ્ધ દરમ્યાન દેશની આંતરીક સુરક્ષાના પ્રયાસોમાં તેણે ફાળો આપ્યો હતો. દેશમાં જ્યારે પણ ધરતીકંપ, પૂર, દુષ્કાળ અને ત્સુનામી જેવી આફતો આવે ત્યારે સંઘ અને તેના કાર્યકરો અસરગ્રસ્તોની સેવામાં અને રાહતકાર્યોમાં સહયોગ આપે છે.

સંઘની શાખાઓ વિવિધ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ એક રમતગમતના મેદાન પર દર અઠવાડિયે એકવાર મળે છે. જ્યાં કાર્યકર્તાઓ વિવિધ શારીરિક અને બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈને પ્રવૃત્ત થાય છે. આ ઉપરાંત કસરત, સૂર્યનમસ્કાર, લાઠીદાવ વગેરે શીખવવામાં આવે છે. બૌધ્ધિક સભામાં રાષ્ટ્રભક્તિના ગીતો અને સાંપ્રત દેશ-વિદેશની સમસ્યાઓ અને વિષયો પર ચર્ચાઓ કરવામાં આવે છે. સંઘની અઠવાડિક સભામાં તેનો માન્ય ગણવેશ (ખાખી ચડ્ડી અને સફેદ ખમીસ) પહેરવાનો હોય છે આ ઉપરાંત સંઘનું ગીત "નમસ્તે સદા વત્સલે માતૃભૂમે" નું પઠન થાય છે. સ્વયંસેવકની ઉપર શાખાનો મુખ્ય કાર્યવાહક અને મુખ્ય શિક્ષક હોય છે. સંઘના વિવિધ અભ્યાસ અને શિક્ષણ બાદ સક્રિય સ્વયંસેવકો કાર્યકર્તાઓ બને છે જે મોટા ભાગે ગૃહસ્થી હોય છે. જે કાર્યકરો સંઘના કાર્ય માટે તેમનું જીવન અર્પણ કરી પૂર્ણ સમય સંસ્થા પાછળ આપે છે તેઓ પ્રચારક તરીકે ઓળખાય છે અને તેઓ સંસ્થાના કાર્યનો દેશ અને વિવિધ રાજ્યોમાં પ્રસાર કરે છે.

રાષ્ટ્ર સેવાના પ્રકલ્પોને સાકાર અને આકાર આપવા માટે ભગીરથ પ્રયાસ કરે છે. સંઘ શતાબ્દી મહોત્સવ એ તમામ ભારતીયો માટે ગૌરવનો મહિમા છે. વંદે માતરમ્. ભારત માતાની જય હો..

■ Mo.9825702282

# સગર્ભાવસ્થામાં પોષકતત્વ યુક્ત આહારની જરૂરિયાત આઈસીએમઆર મૂજબ

| સોમવાર | મંગળવાર |
|---|---|
| • સવાર: બદામ + અખરોટ + ગરમ પાણી<br>• નાસ્તો: પોહા + દૂધ + કેળું<br>• બપોર: રોટલી, તુવેર દાળ, ભાત, પાલક શાક, દહીં, સલાડ<br>• સાંજ: છાશ + અંકુરિત મૂંગ<br>• રાત: રોટલી, લૂવા/દૂધી શાક, મગની દાળ, ખીચડી | • સવાર: કાજૂ + ખજૂર + લીંબુ પાણી<br>• નાસ્તો: વેજીટેબલ ઉપમા + આમળા નો મરબો<br>• બપોર: રોટલી, મસૂર દાળ, ગાજર-બીટનું શાક, દહીં, સલાડ<br>• સાંજ: નાળિયેરનું પાણી + જામફળ<br>• રાત: ખીચડી + કઢી + ભીંડાનું શાક |
| **બુધવાર** | **ગુરૂવાર** |
| • સવાર: અખરોટ + સૂકા દ્રાક્ષ + ગરમ પાણી<br>• નાસ્તો: ઓટ્સ પોરેજ + દાડમ<br>• બપોર: રોટલી, ચોળા દાળ, ભાત, મેથી શાક, છાશ, સલાડ<br>• સાંજ: સૂપ (ટામેટા/પાલક) + મખાણા<br>• રાત: રોટલી + મિશ્રિત શાક + તુવેર દાળ | • સવાર: બદામ + અંજિર + આમળા રસ<br>• નાસ્તો: થેપલા (ઓછા તેલમાં) + દહીં<br>• બપોર: રોટલી, મગની દાળ, કાબુલી ચણા શાક, છાશ, સલાડ<br>• સાંજ: દૂધ + પપૈયો<br>• રાત: ખીચડી + કઢી + કોબીજ શાક |
| **શુક્રવાર** | **શનિવાર** |
| • સવાર: અખરોટ + ખજૂર + ગરમ પાણી<br>• નાસ્તો: વેજીટેબલ સેન્ડવીચ + દૂધ<br>• બપોર: રોટલી, તુવેર દાળ, પાળક પનીર, દહીં, સલાડ<br>• સાંજ: નાળિયેરનું પાણી + નારંગી<br>• રાત: રોટલી + ગવાર શાક + મગ દાળ | • સવાર: બદામ + અખરોટ + લીંબુ પાણી<br>• નાસ્તો: હેન્ડવો / ઢોકળા (ઓછા તેલમાં) + છાશ<br>• બપોર: રોટલી, મસૂર દાળ, ગાજર-કાકડી શાક, દહીં<br>• સાંજ: સૂપ + અંકુરિત ચણા<br>• રાત: ખીચડી + કઢી + મેથી-આલૂ શાક |
| **રવિવાર** | |
| • સવાર: અંજિર + ખજૂર + ગરમ પાણી<br>• નાસ્તો: ઈડલી + સાંભાર + નાળિયેરની ચટણી<br>• બપોર: રોટલી, તુવેર દાળ, ભાત, બટાટા-વટાણા શાક, દહીં<br>• સાંજ: દૂધ + સફરજન<br>• રાત: રોટલી + મિશ્રિત શાક + મગ દાળ | ☑ આ આયોજનમાં દરરોજ પ્રોટીન, આયર્ન, કેલ્શિયમ અને વિટામિનનું સંતુલન રાખવામાં આવ્યું છે.<br>☑ તમે તમારી તબિયત પ્રમાણે ફેરફાર કરી શકો છો. |

| ક્રમ | પોષક તત્વો | સામાન્ય સ્ત્રી માટેની જરૂરિયાત (ઉંમર ૨૫ થી ૪૯) | સગર્ભાવસ્થા સ્ત્રી માટેની જરૂરિયાત (ઉંમર ૨૫ થી ૪૯) |
|---|---|---|---|
| ૧. | કેલરી (કિલો કેલરી) | ૧૯૦૦ (હળવો શ્રમ)<br>૨૨૩૦ (મધ્યમ શ્રમ)<br>૨૮૫૦ (ભારે શ્રમ) | ૨૨૫૦<br>૨૫૮૦<br>૩૨૦૦ |
| ૨. | પ્રોટીન (ગ્રામ) | ૮૨.૨ | ૭૭.૨ |
| ૩. | ચરબી (ગ્રામ) | ૨૦ (હળવો શ્રમ)<br>૨૫ (મધ્યમ શ્રમ)<br>૩૦ (ભારે શ્રમ) | ૩૦ |
| ૪. | કેલ્શીયમ (મી.ગ્રા.) | ૬૦૦ | ૧૨૦૦ |
| ૫. | આયર્ન (મી.ગ્રા.) | ૨૧ | ૩૫ |
| ૬. | વિટામીન - એ<br>(અ) રેટીનોલ (માઈક્રોગ્રામ)<br>(બ) કેરોટીન(માઈક્રોગ્રામ) | <br>૬૦૦<br>૪૮૦૦ | <br>૮૦૦<br>૬૪૦૦ |
| ૭. | થાયમીન (મી.ગ્રા) | ૧.૦ (હળવો શ્રમ)<br>૧.૧ (મધ્યમ શ્રમ)<br>૧.૪ (ભારે શ્રમ) | ૧.૨<br>૧.૩<br>૧.૬ |
| ૮. | રાઈબોફ્લેવીન (મી.ગ્રા) | ૧.૧ (હળવો શ્રમ)<br>૧.૩ (મધ્યમ શ્રમ)<br>૧.૭ (ભારે શ્રમ) | ૧.૪<br>૧.૬<br>૧.૧૦ |
| ૯. | નાયાસીન (મી.ગ્રા) | ૧૨ (હળવો શ્રમ)<br>૧૪ (મધ્યમ શ્રમ)<br>૧૬ (ભારે શ્રમ) | ૧૪<br>૧૬<br>૧૮ |
| ૧૦. | પીરીડોક્સીન (મી.ગ્રા) | ૨.૦ | ૨.૫ |
| ૧૧. | એસ્કોર્બીક એસીડ (મી.ગ્રા) | ૪૦ | ૬૦ |
| ૧૨. | ફોલીક એસીડ (માઈક્રોગ્રામ) | ૨૦૦ | ૫૦૦ |
| ૧૩. | વિટામીન બી-૧૨ (માઈક્રોગ્રામ) | ૧ | ૧.૨ |
| ૧૪. | ઝીંક (મી.ગ્રા) | ૧૦ | ૧૨ |
| ૧૫. | મેગ્નેશિયમ (મી.ગ્રા) | ૩૧૦ | ૩૧૦ |



વિટામીન એ : પપૈયા, ગાજર, મેથી, સરગવાના પાન, અળવીના પાન, નાગરવેલના પાન, મીઠા લીમડાના પાન, કેરી, ટમેટા, કોળું, ગાજર, ઈંડા, દૂધ, માખણ, ચીઝ વગેરે.

ભોજનમાં આયોડીનયુક્ત મીઠું જ લેવું જોઈએ.

ભોજનની પદ્ધતિ - સગર્ભાવસ્થા દરમિયાન જરૂરિયાતો વધતી હોવાથી ભોજનનું પ્રમાણ પણ ઉપર મુજબની જરૂરિયાતને ધ્યાને લઈને વધવું જરૂરી છે. ભોજનનું પ્રમાણ વધારવા માટે સામાન્ય રીતે ખાદ્યોનું પ્રમાણ વધારી શકાય. દા.ત. લંચમાં ૨ રોટલીને બદલે ૩ રોટલી, દાળ ૧ વાટકીને બદલે ૧ll, શાક ૨ વાટકી, દહીં ૨ વાટકી વગેરે. પરંતુ સામાન્ય રીતે જોવામાં આવે છે કે ગર્ભવતી સ્ત્રી એક સાથે વધુ માત્રામાં ભોજન લઈ શકતી નથી, કારણ કે તેના પાચનતંત્રમાં ઘણા ફેરફાર થયા હોય છે. જેથી ગર્ભવતી સ્ત્રીએ થોડા થોડા સમયના અંતરે ખોરાક લેવાનો પસંદ કરવો જોઈએ. ■



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# બોસ બોસ, આજકાલ મરણ બહું મોંઘા થઈ ગયા છે



'બોસ બોસ, આજકાલ મરણ બહું મોંઘા થઈ ગયા છે. એક તો ગરીબી ભરડો લઈ ગઈ હોય, અને ઉપરથી ગરીબીની માસીયાઈ બેન બીમારી આવે. એટલે દુકાળમાં અધિક માસ જેવું થાય. અને હમણા હમણા તો દવાખાના 'ય હોટલને ટક્કર મારે એવા એવા બને છે. દવા સહિત ડોક્ટરો 'ય મોંઘા થયા છે.

માણસને મરવું હોય તોય સસ્તું નથી.'

'અરે અરે બકા, કેમ અચાનક મરવા બરવાની વાતુ કરવા લાગ્યો. જીવન જીવવા માટે છે. મરવા માટે થોડું જ છે.'

'તમારી વાત હાચી છે. પણ, જીવવા માટે 'ય મોંઘવારી તો નડે છે અને મરવું હોય તોય મોંઘવારુ નડે છે. મોંઘવારીએ માઝા મૂકી છે. GST ઘટાડવાથી સામાન્ય માણસને શું ફેર પડ્યો ? ઈ કોઈ જૂએ છે? જાત-જાતના નવા-નવા રોગ આવી ગયા છે. નવા નવા નામે શરીરમાં પ્રવેશ કરે છે અને ખિસ્સા ખાલી કરે છે.'

'પણ, તું તો રાતડી રાણ જેવો છો. તને ક્યાંય પાણાં 'ય પડ્યા નથી. પછી મોંઘવારી તને શું નડે !??'

'મને નડે કે હાદુભાઈને નડે. મોંઘવારી છે, તો નડવાની જ છે. મોંઘવારીની આદત છે નડવાની.



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

પણ, મને ઈ કહો કે બીજા રાજ્યોમાં મરણ સસ્તું છે. ફાયદાકારક છે. એવું મરણ આપણે ત્યાં કેમ નથી ?'

'તું કોની વાત કરે છે? મરણ ક્યાંય સસ્તું ના હોય. યમરાજનો પાડો હંધીય જગ્યાએ સરખો જ ભાવ કરે.'

'ના ના ના, હું આ વાત નથી માનતો. યમરાજનો પાડો લાગવગ વાળાને હારા વાહનમાં બેહાડીને લઈ જાય છે અને લાગવગ ના હોય એને ગમે તેવા વાહનમાં લઈ જાય છે. અને ઉપાડતી વખતે ય ખર્ચો બહું કરાવે છે. એક તો ઘર ખાલી થઈ ગયું હોય છે ઉપરથી માથે દેણું 'ય કરાવે છે. અને કેટલાંકને જલ્દી ઉપાડે છે અને ઘર ભરતા જાય છે. હવે તમે જ કહો. આ લાગવગ નથી તો બીજું શું છે?'

'બકા, તું ફોડ પાડીને વાત કર તો વાતમાં હુજકો પડે.'

'આ હમણાં જ તમે જુઓ. તમિલનાડુમાં એક્ટર કમ રાજકારણી વિજયની રેલીમાં એકતાલીસ માણસોને યમરાજના પાડાએ એક સાથે જ ઉપાડ્યા. સરકારે તો સહાય આપી જ પણ, વિજયે 'ય લાખો રૂપિયા આપ્યા. માણસ તો ગયું પણ, ઘર ભરતું ગયું. આવું આપણે ગુજરાતીમાં કેમ નથી થાતું? વડવાઓએ કાશીનું મરણ હારું કીધું છે. પણ, અહીં તો તમિલનાડુનું મરણ હારું લાગે છે.'

'બકા, તારી વાત હારે હું પુરેપુરો તો સંમત નથા. પણ તું કહે છે, ઈ ખોટું 'ય નથી. છતાંય, મરવાં માટે તમિલનાડુ તો જવાતું નથી.અને આપણે ગુજરાતમાં એવો કોઈ એક્ટર/ રાજકારણી (ટી.વી.કે.ના વડા જેવો) નથી કે આપણને આવો લાભ મળે. વિજય એક ફિલ્મ કરવાના સો કરોડથી ૨૭૫ કરોડ ફી લે છે અને આવી એમણે અત્યાર સુધીમાં ૬૮ ફિલ્મો કરી છે. અહીં તો એક રૂપિયાનાં ત્રણ આઠઆના ગોતવા વાળા ઝાઝા છે. અને આપણે ત્યાં મરવા માટે હોસ્પિટલ માંડ માંડ પહોંચાય છે. બાકીનું કામ ઈ હંભાળી લે છે.'

'આપણે ત્યાં એવા 'ય ડોક્ટરો પડ્યા છે કે હાજા હારા માણસને ય કહે. સારું થયું તમે પાંચ મિનિટ વહેલાં આવી ગયાં. બાકી...'

'બસ બસ, બોસ બસ... મારે તમને આ જ વાત કરવી છે. આપણે ત્યાં મરણ મોંઘુ થઈ ગયુ છે.

હમણાંની જ વાત કરું. મોરબી પાસેનું ગામ વનાળિયા. સતીષભાઈનો અકસ્માત થયો. પ્રથમ ગયા મોરબી સિવિલ હોસ્પિટલ. એમણે હાથ ખંખેરી નાખ્યા. ગયા સિવિલ હોસ્પિટલ રાજકોટ. એમણે એમની બનતી કોશિશ કરી પણ, યમરાજ હાવી થઈ ગયા.

સ્વજનો એમ હાર થોડા જ માને. યમરાજને હારે લઈને સૌ પહોંચ્યા રાજકોટની (હોસ્પિટલ કે રૂપિયા બનાવવાનું કારખાનું?) વોકહાર્ટમાં. ઘણા 'યને હોસ્પિટલ ઓછી પણ.....વધારે લાગે છે. લાગે છે કે, આ હોસ્પિટલને અઢી લાખ હારે હારી લેણાંદેવી છે. થોડા સમય પહેલા જ એક છોકરાને સાત (માત્ર સાત) ટાંકા લેવાનું બિલ આપ્યું હતું અઢી લાખ. એમ અહીં પણ કહેવામાં આવ્યું. અઢી લાખ જમા કરાવો. ઓપરેશન કરવું પડશે. ટોટલ ખર્ચ પંદર લાખ થશે.(એમણે કદાચ યમરાજના પાડા હારે સેટીંગ કર્યું હશે? કે રાતનાં ત્રણ વાગ્યે પાડો ઊંઘમાં હશે ?)

સ્વજનો મુંજવણમાં મૂકાયા. રાતે ત્રણ વાગ્યે રૂપિયા અઢી લાખ ગોતવા ક્યાંથી?

મોરબી સિવિલ અને વોકહાર્ટ અઢી લાખની વચ્ચે સાત થી આઠ કલાકનો સમય ગયો હતો એટલે એક બહું ભણેલા સ્વજને ડોક્ટરને પૂછ્યું. 'સાહેબ! અત્યારે અઢી લાખ અને ટોટલ પંદર લાખ જમા કરાવ્યા પછી, અમારો દર્દી બચી તો જાહે ને !!?'

'જો ભાઈ ! અત્યારે યમરાજ ઉપર જ બેઠા છે. એમની પાસેથી દોરી છોડાવીને પ્રભુ દોરી પકડે એટલે દર્દી તમારું સાજું. બાકી હંધૂય ભગવાનના હાથમાં છે.'

બે ચાર જણા વધારે ખાત્રી કરવા ફરી રાજકોટ સિવિલ હોસ્પિટલ આવ્યા.

'ડોક્ટર! અમારાં દર્દીની ખરેખર હાલત શું ગણાય ?'

'ભાઈ ! સતીષભાઈ ગુજરી ગયા ને પાંચ કલાક થઈ ગઈ છે. કોઈ ડોક્ટરને લક્ષ્મી વધારે વ્હાલી હોય તો અમે શું કરીએ!??'

'સ્વજનોએ યમરાજ અને પાડાની હાજરીમાં જ આખી હોસ્પિટલ માથે લીધી. પણ, કોઈ 'સુ કે સા' ન બોલ્યું.

હવે તમે જ કહો બોસ, આના કરતાં તો વિજયની રેલીમાં જઈને ચાલીસ લાખ લઈ લેવા હારા કે નઈ !??' ■

kalubhaibhad123@gmail.com

# સાત પગલાં સફળતાના...

જીવનમાં સફળતા મળતી જણાય તો તમને તમારું જીવન સાર્થક લાગતું જણાય, નહિતર મનમાં એક પ્રકારની નિરાશા વ્યાપી જાય જે તમને દિનપ્રતિદિન નકારાત્મકતાની ગર્તામાં ધકેલતી જાય અને અંતે સફળતા મળવાની એકબાજુએ રહી જાય અને તમે તણાવ કે ડિપ્રેશનનો ભોગ બની હતાશાભર્યું અને સામાન્ય જીવન જીવતાં થઈ જાવ. માટે સફળતા મેળવવા માટે સમયસર પગલાં લઈ, તેનો અમલ કરવામાં લાગી જવું જોઈએ..તો સફળતા તમારા ચરણ ચુમશે..!



- સફળતા મેળવવા માટે, આદર્શ જીવનશૈલી જરૂરી :

ઘણી વાર સફળતા મેળવેલી વ્યક્તિઓને જોઈને આપણને તેમનાં જેવા બનવાનો વિચાર આવે એ સ્વાભાવિક છે કે 'સફળ માણસોએ શૂન્યમાંથી સર્જન કઈ રીતે કર્યું હશે ?' પરંતુ એ બધા લોકો પાસે બધી જ જાતની સારી સગવડ હતી માટે તેઓ સફળ થયા એવું નથી હોતું. કોઈ જ સુપરપાવર નથી કે ખૂબ સારું ભાગ્ય લઈને પણ કોઈ આવતું નથી. તકલીફ તો દરેકને પડે છે, તેમ છતાં તેઓ સફળતાના શિખરે પહોંચ્યા છે, એનું એક માત્ર કારણ....તેમની આદર્શ જીવનશૈલી.

જો તમારી જીવનશૈલી પણ આદર્શ હશે તો તમને પણ સફળતા મેળવવામાં ખાસ તકલીફ નહીં પડે. હા.. સખત પરિશ્રમ તો તમારે પણ કરવો જ પડશે.

તમે રોજિંદુ જીવન કેવી રીતે જીવો છો, રોજ કેવા કાર્ય કરો છો, તમે તમારા જીવનમાં કેવી-કેવી સુટેવ-કુટેવ પાડી છે તેના પર તમારી સફળતાનો આધાર રહેલો છે.

(૧) સવારે વહેલા ઉઠો :

દરેક વ્યક્તિ પાસે રોજના ૨૪ કલાક તો પૂરા જ હોય છે, તેમ છતાં ઘણા લોકો પોતાનું બધું જ કામ સમયસર પતાવી દે છે. જ્યારે ઘણા લોકો સમયના અભાવની કે પોતાની પાસે સમય ન હોવાની બૂમો પાડે છે. પણ જેઓ સફળ છે તેઓ રોજ સવારે વહેલા ઉઠી પોતાનું દૈનિક કામકાજ નિયત સમયે આરંભી નિયત સમયે પૂરું કરી જ દે છે. એટલે તેમને દિવસ દરમિયાન વધારે સમય મળે છે. વહેલાં ઉઠવાથી ફ્રેશ રહી બધા કામ જલ્દીથી પૂરા કરી શકાય છે.

(૨) સારા શ્રોતા બનો : જેઓ ખૂબ બોલ-બોલ કર્યા કરે છે, તેઓ ખરેખર તેમના સમય અને એનર્જીને ખોટી રીતે વેડફે છે. જેઓ ઓછું બોલે છે અને સામેનાને શાંતિથી સમજપૂર્વક સાંભળે છે, અને જે સાંભળ્યું તેને બરાબર સમજે છે. જેથી તેમની વિચારવાની શક્તિ વધી જાય છે, પરિણામે તેઓ જે-તે નિર્ણયને વધુ સારી રીતે લઈ શકે છે. જેઓ બીજાને સારી રીતે સાંભળે છે, લોકો તેમની સાથે બેસવાનું વધુ પસંદ કરે છે અને તેમના મિત્રો વધુ બને છે. આવી વ્યક્તિનું વ્યક્તિત્વ ખીલી ઉઠવાની સાથોસાથ પ્રભાવશાળી બને છે. (૩) 'ના' પાડતાં પણ શીખો :

તમે કોઈ કઠપૂતળી નથી કે બધાની બધી વાતમાં 'હા જી હા' જ કરવાની હોય. તમારામાં સાચા-ખોટા અને સારા-નરસાનો વિવેક હોવો જોઈએ. જે તમારા સિદ્ધાંતોની વિરુદ્ધ હોય એવા કાર્યો માટે 'ના' પાડતાં પણ શીખો. દરેકે-દરેક વાત કે બાબતમાં હંમેશા હા જ પાડવી એ ક્યારેક તમારા માટે જોખમરૂપ પણ બની શકે છે. કોઈની પણ શેહ-શરમમાં આવી જઈ હા-નાના નિર્ણયમાં સંકોચ રાખવો નહીં. તમને પોતાને ફાલતુ લાગતા કામ માટે ચોક્કસપણે 'ના' પાડતાં શીખો.

(૪) તમે તમને પોતાને પણ સમય આપો :

શું તમે ક્યારેય ૧૦ મિનિટ શાંતિથી બેસીને તમારી જાત માટે વિચાર્યું છે કે સ્વમૂલ્યાંકન કર્યું છે ? તમારી લાઈફમાં શું ચાલી રહ્યું છે ? તમે કઈ હાલતમાં, કેવી રીતે અને કયા મનોબળના આધારે જીવી રહ્યા છો ? એ ક્યારેય વિચાર્યું છે ? વર્તમાન સમયને પહોંચી વળવા માટે અને ભવિષ્યનું પ્લાનિંગ કરવા માટે...તમારે તમારી પોતાની જાત માટે પણ સમય ફાળવવો જોઈએ. કેમ કે, તમને પોતાને તમારાથી સવિશેષ બીજું કોઈ જ જાણતું, ઓળખતું કે સમજતું નથી. માટે જીવનમાં તમે તમારા માટે પણ પૂરતો સમય ફાળવો.

(૫) જોખમ પણ લો :

માનવીનું જીવન અનિશ્ચિતતાથી ભરેલું છે. એવા આપણા સૌના જીવનમાં જોખમ ન લેવું તે સૌથી મોટું જોખમ છે, લોકો શું વિચારશે ? શું કહેશે ? શું માનશે ? એ બધું ભૂલી જાવ અને કોઈપણ કિંમતે તમારા ધ્યેયને પૂરા કરવા માટે ચોક્કસપણે હસતે મોંએ જોખમ પણ લો. જોખમ એક યોદ્ધાની માફક લેવું, જે જીવના જોખમે પણ રણભૂમિમાં જઈ તમને વિજય પ્રાપ્ત કરાવે. જો તમે જોખમ નહીં લો તો કદાચ આખી જિંદગી તમને અફસોસ રહી જશે કે તમે કંઈ પણ મેળવી ન શક્યા.

(૬) નિર્ણય લેતા અને અમલ કરતા શીખો :

તમે તમારી આસપાસની દુનિયામાં જોતાં જ હશો કે, મોટાભાગના લોકોની જિંદગીમાં ઘણી મુશ્કેલીઓ એટલા માટે આવતી હોય છે કે, એ લોકો યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેતાં જ નથી. કેટલાક લોકો તો હમણાં નિર્ણય લઉં છું..માં નિર્ણય લેતા જ નથી. તો કેટલાક લોકો હોંશમાં ને હોંશમાં નિર્ણય તો લઈ લે છે પણ એનો અમલ કરવામાં એટલો બધો વિલંબ કરે છે કે, ક્યાં તો એ તક નીકળી ગઈ હોય અને ક્યાં તો એ નિર્ણયનો અમલ જ શરૂ કર્યો ન હોય. 'કેટલીકવાર આપણે, સમજ્યા વિચાર્યા વગર પગલાં લઈએ છીએ; અને કેટલીકવાર બસ, વિચાર જ કર્યા કરીએ છીએ.'

જો તમારે તમારા ધ્યેયને સમયસર પૂરું કરવું હોય તો બરાબર સમજી-વિચારીને નિર્ણય લો અને એ લીધેલા નિર્ણયને પાર પાડવા માટે તેનો નિયત સમયે અમલ પણ કરો. માત્ર વિચાર કર્યા કરવાથી કાંઈ નહીં મળે.



જીવન તરંગ
જયસ્વી પટેલ

(૭) કંઈ ને કંઈ નવું શીખતાં રહો :

તમે જોશો કે નાનાં બાળકોમાં હંમેશાં કંઈને કંઈ નવું જોવા-જાણવાની, માણવા-શીખવાની તમન્ના સમજ આવે ત્યારથી જ હોય છે, જેના કારણે તેમનો વિકાસ જલ્દી થાય છે. જેમને પોતાના ફીલ્ડમાં નિપુણતા હોય છે તેઓ સતત તેમના ફીલ્ડની બધી જ બાબતોમાં અપ-ટુ-ડેટ હોય છે. તેઓ સતત કંઈ ને કંઈ નવું શીખતાં જ રહે છે. જેથી તેમના ફીલ્ડમાં તેમની મોનોપોલી જળવાઈ રહે છે, બલકે દિનપ્રતિદિન વધતી જ જાય છે. તમે પણ તમારા જીવનમાં આગળ વધવા માટે કંઈ ને કંઈ નવું શીખતા રહો. જે તમને તમારી સફળતાની મંઝિલ સુધી અવશ્ય લઈ જશે. ■

sanjogpurti@gmail.com

# ટેક્નોસેવી મીની અને ચીકુ




એક હતી બિલાડી. જેનુંનું નામ હતું મીની. મીની ખૂબ જ ટેક્નોસેવી હતી. તે હવે છુપાઈને શિકાર કરતી નહોતી. તે તો આખો દિવસ એક સોફા પર બેસીને તેના સ્માર્ટફોન પર ગેમ્સ રમતી અને રસોઈ બનાવવાની રેસિપી જોતી.

અને આપણો નાનો, ચતુર ઉંદર, જેનું નામ હતું ચીકુ, તે પણ ઓછો નહોતો. ચીકુ પાસે પોતાનું એક નાનકડું ટેબ્લેટ હતું, જેનાથી તે ઘરમાં સિક્યોરિટી કેમેરાનાં ફૂટેજ જોતો અને મીનીની હિલચાલ પર નજર રાખતો.

એક સવારે ચીકુને ખૂબ ભૂખ લાગી. તેને રસોડાના કબાટમાં મૂકેલો ચીઝનો મોટો ટુકડો યાદ આવ્યો. તેણે પોતાનું ટેબ્લેટ ખોલ્યું અને કિચનનો લાઈવ વીડિયો જોયો. મીની બિલાડી રસોડામાં નહોતી! તે તો લિવિંગ રૂમમાં સોફા પર બેઠી બેઠી કોઈ ગેમ રમવામાં વ્યસ્ત હતી. ચીકુને થયું, આ મીની ગેમ રમવામાં વ્યસ્ત છે ત્યાં સુધી હું ધીમે રહીને ચીઝના ટુકડા સુધી પહોંચી જાઉં. આમ વિચારી ચીકુ ઝડપથી દરમાંથી બહાર નીકળ્યો અને કિચન તરફ દોડ્યો.

મીની પણ એટલી જ ચપળ અને સચેત હતી. તેણે પોતાના સ્માર્ટફોનમાં 'માઉસ ટ્રેકિંગ એપ' ડાઉનલોડ કરી રાખી હતી! જેવી ચીકુની હલચલ થઈ, એપમાં લાલ ટપકું ચમક્યું અને એલાર્મ વાગ્યું: 'બિપ! બિપ! ઉંદરની ગતિવિધિ નોંધાઈ છે!'

મીની ગેમ છોડીને તરત ઊભી થઈ ગઈ. તેણે પોતાના ફોનમાં જોયું કે ચીકુ કિચન તરફ જઈ રહ્યો છે. ચીકુએ જોયું કે મીની તેની તરફ આવી રહી છે. તેણે વિચાર્યું, 'આ બિલાડી તો મારા કરતાં પણ સ્માર્ટ થઈ ગઈ છે! મારે કોઈ ઉપાય વિચારવો જ રહ્યો!'

ચીકુ તરત જ કબાટની પાછળ સંતાઈ ગયો. તેને યાદ આવ્યું કે ઘરના વાઈ-ફાઈ રાઉટરનો મેઈન પ્લગ કિચનમાં જ હતો. જેવી મીની કિચનમાં પ્રવેશી, ચીકુએ કૂદકો માર્યો અને ઝડપથી વાઈ-ફાઈનો પ્લગ ખેંચી નાખ્યો!

પ્લગ નીકળતાંની સાથે જ, મીનીના સ્માર્ટફોનમાંથી તરત જ અવાજ આવ્યો: 'બિપ! બિપ! ઈન્ટરનેટ કનેક્શન ઈઝ લોસ્ટ! પ્લીઝ ચેક યોર કનેક્શન!' મીની ગભરાઈ ગઈ. 'અરે! હવે હું ઈન્ટરનેટ વગર શું કરીશ! મારા બધા ઓનલાઈન કામ અટકી પડશે! હવે હું રેસિપી ક્યાંથી જોઈશ? મારો ફેવરિટ લાઈવ શો પણ હું કેવી રીતે જોઈશ!'



રે વાર્તા!
મનીષ સુથાર

મીની તરત જ ઉંદરનો પીછો કરવાનું છોડીને પ્લગને ફરીથી લગાવવા દોડી. ચીકુ હસી પડ્યો. તેણે શાંતિથી કબાટ ખોલ્યું, ચીઝનો ટુકડો લીધો અને પોતાના દરમાં પાછો પહોંચી ગયો.

ચીકુએ વિચાર્યું, 'હવે આ મીનીથી બચવા મારે કંઈક તો વિચારવું જ રહ્યું. નહિ તો ક્યારેક હું આ મીનીની ઝપેટમાં આવી જઈશ.' બીજા દિવસે ચીકુએ તેના ટેબ્લેટ પર એક નવું 'સાઈબર સિક્યોરિટી'નું સેટઅપ ગોઠવી દીધું, જેથી ટેક્નોસેવી મીની ફરીથી તેની જાસૂસી ન કરી શકે. ■

Mo 9099172177

# મહારાષ્ટ્રમાં પીએમ મોદી દ્વારા નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય હવાઈમથક અને મેટ્રો લાઈન ૩ના અંતિમ તબક્કાનું ઉદ્ઘાટન કરાશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭



વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે બે દિવસની મુલાકાતે મહારાષ્ટ્ર પહોંચશે. મહારાષ્ટ્રની તેમની મુલાકાત દરમિયાન, પીએમ મોદી નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય હવાઈમથક તેમજ મુંબઈ મેટ્રો લાઈન ૩ (એક્વા લાઈન)ના અંતિમ તબક્કાનું ઉદ્ઘાટન કરશે. વધુમાં, પીએમ મોદી મુંબઈ વન મોબાઈલ એપ્લિકેશન અને એસટીઈપી કૌશલ્ય કાર્યક્રમ લોન્ચ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે બપોરે ૩:૦૦ વાગ્યે નવી મુંબઈ પહોંચશે અને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું વોકથ્રુ નિરીક્ષણ કરશે. આ એરપોર્ટ આશરે ૧૯,૬૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે. પીએમ બપોરે ૩:૩૦ વાગ્યે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઔપચારિક ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ દરમિયાન, તેઓ મુંબઈ અને નવી મુંબઈને લગતા અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પણ લોન્ચ કરશે. આ એરપોર્ટને ડાયરેક્ટ વોટર ટેક્સી કનેક્ટિવિટી આપવામાં આવી છે, જે તેને દેશનું આ પ્રકારનું પ્રથમ એરપોર્ટ બનાવશે. આ એરપોર્ટમાં ૪૭ મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટ અને સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ સ્ટોરેજ ક્ષમતા હશે.

# રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કરાયો

ગાંધીનગર,તા.૦૭



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાપક હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ તા. ૧ જુલાઈ ૨૦૨૫થી આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત દિવાળી પર્વ નિમિત્તે વિવિધ સરકારી કચેરીઓ, બોર્ડ, નિગમો અને પંચાયતો માટે દિવાળીથી લઈને ભાઈ બીજ સુધીની રજાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. જેમાં ૧૯ ઓક્ટોબરથી લઈ સળંગ ૮ દિવસની એટલે કે ૨૬ ઓક્ટોબર સુધીની રજા જાહેર કરી છે. આ રજામાં બે રવિવાર તથા એક શનિવાર સામેલ છે. ૨૧ અને ૨૪ ઓક્ટોબર રજાના બદલે ૮ નવેમ્બર, ૨૦૨૫ અને ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ કચેરી ચાલુ રહેશે. રાજ્ય સરકારના પરિપત્ર મુજબ આ રજાઓ સરકારી કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશનો અને પંચાયતો પર લાગુ પડશે. સંબંધિત વિભાગોને આ માહિતી સમયસર કર્મચારીઓને પહોંચાડવા સૂચના આપવામાં આવી છે.

# દિલ્હીમાં કુખ્યાત નેપાળી ગુનેગાર પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર મરાયો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭



પૂર્વ દિલ્હીના અસ્થા કુંજ પાર્ક વિસ્તારમાં ગોળીઓનો વરસાદ થયો. ગુડગાંવ ક્રાઈમ બ્રાન્ચ અને દક્ષિણ પૂર્વ દિલ્હી સ્પેશિયલ સ્ટાફ ટીમ દ્વારા સંયુક્ત કાર્યવાહીમાં, કુખ્યાત નેપાળી ગુનેગાર ભીમ બહાદુર જોરાને ઠાર મારવામાં આવ્યો. ભીમ બહાદુર જોરા મૂળ નેપાળનો હતો પરંતુ તેણે ભારતના વિવિધ રાજ્યોમાં મોટા ગુનાઓ કર્યા હતા. તેના પર ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. પોલીસ લાંબા સમયથી ભીમ બહાદુર જોરાને શોધી રહી હતી. તેના પર દિલ્હીના એક ડોક્ટરની હત્યાનો આરોપ હતો. તેણે ગુરુગ્રામમાં ભાજપ મહેરૌલી જિલ્લા પ્રમુખ મમતા ભારદ્વાજના ઘરેથી ૨૨ લાખ રૂપિયાની ચોરી પણ કરી હતી.

# લીલીયા ગ્રામસભામાં સ્થાનિક પ્રશ્નોને લઈ ઉગ્ર રજૂઆત, પાણી બાબતના અગાઉના ઠરાવ રદ કરાયા

લીલીયા, તા.૦૭



લીલીયા ગ્રામસભામાં ભૂગર્ભ ગટર, 'નલ સે જલ' યોજનાના કનેક્શન અને આરોગ્ય કર્મચારીઓની કામચોરી સહિતના પ્રાણ પ્રશ્નોને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વડવાળા હનુમાનજી મંદિર ખાતે પોલીસ પ્રોટેક્શન વચ્ચે સરપંચ જીવનભાઈ વોરાની અધ્યક્ષતામાં યોજાયેલી ખાસ ગ્રામસભામાં ગ્રામજનો અને રાજકીય પક્ષો (ભાજપ, કોંગ્રેસ, આપ)ના કાર્યકરો એક થઈને લડ્યા હતા. આ પહેલા ૦૨ ઓક્ટોબરે અધિકારીઓની ગેરહાજરી અને વિરોધને કારણે ગ્રામસભા મોકૂફ રખાઈ હતી. બીજી સભામાં મામલતદાર અને ટીડીઓએ ગ્રામજનોને યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ગ્રામજનોની માંગણી સ્વીકારીને સત્તાધીશોએ અગાઉના કેટલાક ઠરાવો રદ કર્યા હતા અને પાણી સમિતિની નવી રચના કરવાનો ઠરાવ કર્યો હતો. ગ્રામજનોના ઉગ્ર વિરોધના કારણે કેટલાક પદાધિકારીઓ સભા છોડીને ચાલ્યા ગયા હતા. સરપંચ જીવનભાઈ વોરાએ ઝડપી નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી.

# કફ સિરપથી મૃત્યુ પામેલા બાળકોનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો, સીબીઆઈ તપાસની માંગ

નવીદિલ્હી,તા.૭



મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કફ સિરપથી મૃત્યુનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. આ મામલાની સીબીઆઈ તપાસની માંગણી કરતી જાહેર હિતની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. વકીલ વિશાલ તિવારી દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીમાં રાષ્ટ્રીય ન્યાયિક આયોગ/નિષ્ણાત સમિતિ દ્વારા તપાસની માંગ કરવામાં આવી છે. અરજીમાં પ્રતિબંધિત કરાયેલા તમામ હાલના કોલ્ડ્રિફ કફ સીરપ સ્ટોકને જપ્ત કરવાની પણ માંગ કરવામાં આવી છે. અરજીમાં એવી પણ માંગ કરવામાં આવી છે કે બધી એફઆઈઆર સીબીઆઈને સોંપવામાં આવે.

# સુત્રાપાડાના પ્રશ્નાવડા ગામે સંઘનો તાલુકા કક્ષાનો પંથ સંચલન કાર્યક્રમ યોજાયો


સુત્રાપાડા,તા.૦૭



સમગ્ર દેશ અને દુનિયાભરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શતાબ્દી વર્ષ ઉત્સવ વિશે સમાજમાં ઉત્સુકતા જોવા મળી રહી છે ત્યારે ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકા દ્વારા વિજયાદશમી નિમિતે પ્રશ્નાવડા ખાતે ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર ગામમાં સ્વયંસેવકો દ્વારા ઘોષ અને વાદ્યોના તાલે પથ સંચલન નીકળ્યું ત્યારે ગામજનો દ્વારા પરિવાર સાથે ઠેર ઠેર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું તથા પુષ્પવર્ષા કરવામાં આવી હતી. સ્વયંસેવકો દ્વારા યોગાસન અને વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

# ઉના નજીક છકડો રિક્ષાના 'ચોરખાના'માંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો : એક શખ્સ પકડાયો

ઉના, તા.૦૭



ઉના નજીકથી દારૂની હેરાફેરીના વધુ એક પ્રયાસને પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો. જિલ્લા ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે રિક્ષાના ગુપ્ત (ચોર) ખાનામાંથી વિદેશી દારૂની ૧૨૦ બોટલો મળી આવતાં એક શખ્સની અટકાયત કરવામાં આવી હતી.પોલીસે સવારના સમયે વોચ દરમિયાન GJ. 11. TT. ૧૦૭૪ નંબરની રિક્ષાની ઝીણવટભરી તલાશી લેતા તેના ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂની કુલ ૧૨૦ બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો અને હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી છકડો રિક્ષા સહિત કુલ રૂ.૪૬,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# કોડીનારના પણાંદર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને તાલુકા પંચાયત દ્વારા એમ્બ્યુલન્સ અર્પણ કરાઈ

કોડીનાર,તા.૦૭




કોડીનાર તાલુકાના પણાંદરને આરોગ્યક્ષેત્રે એક મોટી ભેટ મળી છે. કોડીનાર તાલુકા પંચાયતની ૨૦ ટકા તાલુકા કક્ષાની ગ્રાન્ટમાંથી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC)ને નવી એમ્બ્યુલન્સ ભેટ આપવામાં આવી હતી. આ ભેટથી પણાંદર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોની જનતાને તાત્કાલિક અને ઝડપી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં મદદ મળશે. એમ્બ્યુલન્સના લોકાર્પણ પ્રસંગ પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાઝા, નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, જીતુભાઈ પરમાર, તેમજ પૂર્વ પ્રમુખ પ્રતાપભાઈ ડોડીયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

# કોડીનારમાં ખાનગીની સાથે સરકારી BSNL નેટવર્કમાં પણ ધાંધિયાથી લોકો ત્રાહિમામ

કોડીનાર, તા.૦૭

**BSNLના મોબાઈલ ધારકોને પૂરતા પ્રમાણમાં નેટવર્ક મળી રહે તે માટે ત્વરિત પગલાં લેવામાં તેવી માંગ**

છેલ્લા કેટલાક સમયથી કોડીનારમાં સરકારી ટેલિકોમ કંપની BSNLના મોબાઈલ નેટવર્કના તેમજ અન્ય ખાનગી નેટવર્કના ધાંધિયા (સમસ્યાઓ) ખૂબ જ વધી ગયાની ફરિયાદ ઉઠી છે. ગ્રાહકોને સ્થિતિ એવી અનુભવાઈ રહી છે કે ટાવરની બિલકુલ નજીક ઊભા રહેવા છતાં પણ મોબાઈલમાં નેટવર્ક પકડાતું નથી, જેના કારણે BSNL મોબાઈલધારકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે રજૂઆત કરવા માટે પણ ગ્રાહકોને ભારે હાલાકી વેઠવી પડે છે, કારણ કે કોડીનાર ખાતેની BSNLની ઓફિસમાં કોઈ અધિકારી હાજર રહેતા નથી અને મોટાભાગે આ ઓફિસમાં તાળું જોવા મળે છે, જેના કારણે સ્થાનિકો પોતાની ફરિયાદ કોને કરવી તે પ્રશ્ન સાથે મૂંઝવણમાં મુકાયા છે. BSNL મોબાઈલ નેટવર્કની સતત ધાંધલ-ધમાલ અને અધિકારીઓની ગેરહાજરીને કારણે ગ્રાહકો હવે નિરાશ થઈને અન્ય ખાનગી નેટવર્ક તરફ વળી રહ્યા છે. કોડીનારના અગ્રણી મનુભાઈ ડોડીયાએ આ મામલે લાગતા-વળગતા અધિકારીઓને પત્ર લખીને રજૂઆત કરી છે અને માંગ કરી છે કે BSNL મોબાઈલ ધારકોને પૂરતા પ્રમાણમાં નેટવર્ક મળી રહે તે માટે ત્વરિત પગલાં લેવામાં આવે. આ ઉપરાંત, BSNLની ઓફિસ નિયમિત રીતે ખુલે અને ત્યાં હાજર અધિકારી ગ્રાહકોને યોગ્ય અને સંતોષકારક જવાબ આપે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે. ઉલ્લેખનીય છે કે માત્ર BSNLજ નહીં, પરંતુ કોડીનાર વિસ્તારમાં અન્ય તમામ ખાનગી કંપનીઓના નેટવર્કમાં પણ સમસ્યાઓ હોવાનું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે.

**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોનઃ ૨૬૪૨૧૬૭૧-૭૫

## બાકીદારો માટે માંગણાની નોટિસ

નીચે જણાવેલ ખાતું એન.પી.એ. માં પરિવર્તિત થયેલ છે અને બંધન બેંક દ્વારા સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (ધ એક્ટ), ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ નીચે જણાવેલ કર્જદારોને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવેલ હતી જે પરત ફરી છે. આથી આપ તમામને અને જાહેર જનતાને મોટા પ્રમાણમાં આ પ્રકાશન દ્વારા નોટિસ જારી કરવામાં આવે છે.

| લોન લેનારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ગેજ કરેલ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસ ની તારીખ/NPA તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખે બાકી રહેતી રકમ (રૂ.માં) | નોટિસ લગાવ્યાની તારીખ |
|---|---|---|---|---|
| કુસુમબેન લક્ષ્મણભાઈ માલી કોમલબેન લક્ષ્મણભાઈ માલી ચંદ્રકાંતભાઈ બાબુભાઈ ચૌધરી ૨૦૦૦૨૦૬૦૦૦૪૩૦૫ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે ૪૫.૦૦ ચો.મી. જમીન વિસ્તાર માપતો ટેનામેન્ટ, ફાઈનલ પ્લોટ નં. ૧૮૧ પૈકી, રેવન્યુ સર્વે નં. ૧૪ અને ૧૫/ પૈકી, સિટી સર્વે નં. ૨૮૦૬ પૈકી, ઓમનગર, કે.કે. પારેખ અને મહેતા આર.પી. સ્કૂલ પાછળ, ચિતલ રોડ, શહેરઃ અમરેલી, તાલુકો અને જિલ્લોઃ અમરેલી, ગુજરાત સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ પ્લોટ નં. ૧૮૧ ની જમીન, પૂર્વઃ રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. ૧૮૩ ની જમીન, દક્ષિણઃ પ્લોટ નં. ૧૮૧ ની જમીન | મે ૩૧, ૨૦૨૫/ મે ૦૬, ૨૦૨૫ | રૂ.૧૨,૬૩,૬૬૪.૨૮ | સપ્ટેમ્બર ૧૫, ૨૦૨૫ |

આ નોટિસ દ્વારા બેંક તમને પુનઃ ચૂકવણી કરવાની માંગણી કરે છે જે પુનઃ ચૂકવણી તમારા નામે રહેલી બાકી રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક સહિત આ નોટિસની તારીખથી ૬૦ દિવસમાં ભરવાની રહેશે, જેમાં તમે નિષ્ફળ રહેશો તો બેંક સરફેસી (SARFAESI) કાયદાની કલમ ૧૩(૪) અન્વયે ઉલ્લેખિત કોઈ અથવા તમામ પ્રકારનાં પગલાં આગળના સમયમાં લઈ શકે છે. સિક્યોર્ડ એસેટને રીડીમ કરવા/પરત મેળવવા ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ કર્જદાર/મોર્ગેજ મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

**સ્થળઃ અમરેલી**
**તારીખઃ ઓક્ટોબર ૦૮, ૨૦૨૫**

**અધિકૃત અધિકારી**
**બંધન બેંક લિમિટેડ**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯૦/૨૦૨૫ તા.૦૩/૧૦/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. જયાણી જયસુખભાઈ લાખાભાઈ
રહે. ગણેશગઢ, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-૧. તલાટી કમ મંત્રીશ્રી ગણેશગઢ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર જયાણી અજયભાઈ જયસુખભાઈનો જન્મ તા.૧૯/૧૧/૧૯૯૮ ના રોજ મુ. અભરામપરા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૭૨/૨૦૨૫

અરજદાર :- શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ સખિયા
રહે. અમરેલી, એ-વિંગ/૧૦૪, વાસ્તુ એપાર્ટમેન્ટ,
અમૃતધારા-૫, ચક્કરગઢ રોડ, તા.જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ચાંદગઢ, તા.જી.અમરેલી

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચાંદગઢ ગામમાં અરજદારશ્રી કિશોરભાઈ ગોરધનભાઈ સખિયા તેઓના પુત્રી પલકબેન કિશોરભાઈ સખિયાની જન્મ(તા.૨૮/૦૫/૨૦૦૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર
**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમ.એ.જી./સી/૨૪૫૧/૨૦૨૫ તા.૦૧/૧૦/૨૦૨૫

શ્રી છગનભાઈ માધાભાઈ માલવીયા,
રહે. ગંજીવાડા, વિસાવદર, તા.વિસાવદર,જી.જુનાગઢ

વિષયઃ-જન્મ-મરણ નોંધણી અધિનીયમન ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ જન્મની નોંધ કરાવવા અંગેની અરજી

ઉપરોકત્ વિષયે જણાવવાનું કે, આપ દ્વારા અત્રેની કચેરીમાં જન્મ મરણ નોંધણી અધિનિયમ કલમ૧૩(૩) મુજબ આપના પુત્રશ્રી કિરણકુમાર છગનભાઈ માલવીયા જન્મની નોંધ અંગેના હુકમ કરવા તા.૧૮/૦૯/૨૦૨૫ થી રજુઆત અરજી કરેલ છે. આ બાબતે આ સહ સામેલ જાહેર નોટીસ ગુજરાતમાં બહોળી પ્રસિધ્ધી ધરાવતા ગુજરાતી દૈનીક વર્તમાનપત્રમાં દિન-૭ (સાત) માં પ્રસિધ્ધ કરી તેના આધાર પુરાવા અત્રેને રજુ કરવા જણાવવામાં આવે છે. જાહેર નોટીસ પ્રસિધ્ધી કર્યા અંગેના આધાર પુરાવા મુદત હરોળમાં રજુ કરવામાં નહી આવે તો આપની અરજી દફતરે કરવામાં આવશે. જેની નોંધ લેશો.

બિડાણઃઉપર મુજબ | કોર્ટનો સીક્કો | **(આર.એન.ખોડભાયા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૬૮/૨૦૨૫ તા.૦૩/૧૦/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. ટાંક શારદાબેન લવજીભાઈ વાઈફ ઓફ વેગડ ભરતભાઈ
રહે. સી ૯૦૪ એમ.આઈ.જી. શ્રી ગણેશ રેસીડેસીંગ, સાયણ રોડ
અમરોલી સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ટાંક શારદાબેન લવજીભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# મોવલીયા પરિવારને રાજકિય-સામાજિક આગેવાનોએ સાંત્વના પાઠવી



અમરેલી, તા.૦૭


નાની કુકાવાવના વતની સ્વ.બાવાભાઈ મોવલીયાનું નિધન થતા મોવલીયા પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. આ સંકટના સમયમાં મોવલીયા પરિવારને સાંત્વના આપવા માટે રાજકિય અને સામાજિક આગેવાનો આવી પહોંચ્યા હતા. બાવાભાઈ મોવલીયા સમાજમાં તેમના યોગદાન, નિષ્ઠાવાન વ્યક્તિત્વ અને સૌમ્ય સ્વભાવ માટે હંમેશા યાદ રહેશે. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન અનેક લોકોને પ્રેરણા આપી હતી. તેમનું નિધન સમગ્ર પરિવાર, સગા-સંબંધીઓ માટે મોટી ખોટ છે. અમરેલી ખાતે રાખેલા બેસણામાં જિલ્લામાંથી અનેક આગેવાનોએ આવી બાવાભાઈ મોવલીયાના પુત્રો વસંતભાઈ અને જલ્પેશભાઈ સમક્ષ શોક વ્યકત કરી સાંત્વના પાઠવી હતી. ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ખોડલધામ મંદિર નેસડીના મહંત લવજીબાપુ, ફતેપુર (ભોજલરામ) ના મહંત ભક્તિરામબાપુ સહિતના રાજકીય અને સામાજિક આગેવાનોએ મોવલીયા પરિવારને સાત્વના પાઠવી હતી.






## દ્વારકાના કલ્યાણપુરમાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ ઝેરી દવા પી જિંદગી ટૂંકાવતા અરેરાટી

દેવભૂમિ દ્વારકા,તા.૦૭



દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારના ત્રણ સભ્યોએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, મૃતક પરિવારના મુખ્ય સભ્ય લાંબા સમયથી કેન્સર જેવી ગંભીર અને જીવલેણ બીમારીથી પીડિત હતા. મૃતક વ્યક્તિની લાંબી બીમારી અને તેની અસહ્ય પીડાથી પરિવારના અન્ય સભ્યો ખૂબ જ કંટાળી ગયા હોવાનું સામે આવ્યું છે. આ જીવલેણ બીમારી અને પીડાના ભારથી ત્રસ્ત થઈને મૃતક વ્યક્તિએ પોતાના પુત્ર અને પુત્રી સાથે મળીને આત્મઘાતી પગલું ભર્યું હતું. કેન્સરની ઘાતક બીમારીથી કંટાળી જઈને ત્રણેય સભ્યોએ એકસાથે ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

## સુરેન્દ્રનગર-માલવણ હાઈવે પર ડમ્પર-કાર વચ્ચે અકસ્માત: ૪ મહિલાના મોત

સુરેન્દ્રનગર,તા.૦૭



સુરેન્દ્રનગર-માલવણ હાઈવે પર આવેલા ઝેઝરી ગામ નજીક ડમ્પર અને કાર વચ્ચે ધડાકાભેર ટક્કર થતાં ચાર મહિલાનાં મોત થયાં છે. સ્થાનિકોએ જાણ કરતાં બજાણા પોલીસ અને ૧૦૮નો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. આ અકસ્માતની ઘટનામાં અલટો કાર માલવણથી સુરેન્દ્રનગર તરફ આવી રહી હતી, જ્યારે સામે સુરેન્દ્રનગરથી માલવણ તરફ માંતેલા સાંઢની માફક પૂરઝડપે આવતા ડમ્પર સાથે ગોઝારો અકસ્માત સર્જાયો હતો, જેમાં કારમાં સવાર ચાર મહિલાનાં સારવાર મળે એ પહેલાં જ ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં. આ ગોઝારા અકસ્માતની ઘટનાના પગલે લોકોનાં ટોળેટોળાં બનાવના સ્થળે એકઠા થઈ ગયાં હતાં.





